
# અધ્યાત્મ

વર્ષ-૫
અંક-૫
ફેબ્રુઆરી-૧૯૮૪



## સદ્‌ભાવ ભરી ભેટ

અધ્યાત્મ પ્રત્યેના પ્રેમ અને આદરને લીધે સાધક ભાઈ બહેનો પ્રેમપૂર્વક ભેટ મોકલતાં રહે છે. છેલ્લે મળેલી ભેટોની વિગત નીચે પ્રમાણે છેઃ–

૫૧–૦૦ શ્રી હેમલત્તાબેન દેસાઈ સુરત તરફથી બાબાના જન્મદિન નિમિત્તે.

૨૧–૦૦ શ્રી. પિનાકીન્ નારાયણ જાની, ભાવનગર તરફથી પુત્ર જાગ્રતના જન્મદિન નિમિત્તે.

૨૫–૦૦ શ્રી. મોહનલાલ ડાહ્યાભાઇ પ્રજાપતિ, મુ. અને પો. ભાઠા તરફથી પુત્ર ભાવેશના જન્મદિન નિમિત્તે

૨૧–૦૦ સુરતના એક સાધક તરફથી.

૧૫–૦૦ શ્રી કિશોરભાઈ પોપટલાલ બાબરીયા તરફથી

૨૫–૦૦ શ્રી. આર. કે. દવે રાજકોટ તરફથી ધર્મપત્નીના જન્મદિન નિમિત્તે.

૨૧–૦૦ હેમલત્તાબહેન ચંદ્રકાન્ત પંડ્યા સુરત તરફથી

પાંચ પાઉન્ડ શ્રી. દુર્લભજી દયાળજી સુથાર–પૂ. શ્રીનું નામસ્મરણ કરતાં મનોકામના ફળતાં.

પાંચ પાઉન્ડ શ્રી. અજીતભાઇ ટેલર, લંડન તરફથી યુનિવર્સિટીમાં પાસ થઇ નોકરી મળવાથી.

---

યાત્રાધામ અંબાજીમાં આકાર લઇ રહેલ પ. પૂ માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટેની સહાય મોકલવાનું તેમજ પત્ર વ્યવહારનું સરનામું નોંધી લોઃ–

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ
C/o શ્રી. બાબુભાઇ વોરા.
૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી
નવરંગપુરા અમદાવાદ–૯, ૩૮૦૦૦૯



શ્રી યોગેશ્વરજી

## માતા તમે....

તમે મંગલ મંદિર મારું
તમે તીર્થ સનાતન ન્યારું
તમે મંગલ મંદિર મારું.

તમે પરમચંદ્રિકા પ્રત્યક્ષ ખરે
અંધારે અજવાળું;
તમે દીપજ્યોતિ, પુષ્પોનું સુંદર
ઉપવન શાશ્વત પ્યારું.

તમે ગંગાયુમનાસરસ્વતીથી
અધિક સુખદ મમતાળુ,
મહિમામય વિશેષ. સાધનાતણી
સંસિદ્ધિ પદ ચારું.

તમે શાંતિ સનાતન પ્રેમ પુરાતન
પ્રગટ પ્રભાવ કૃપાનું;
જીવન ધરવાને સ્વાર્પણ કરવા
રૂપ ધરેલું માનું.

—યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૫ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.
**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** ‘અધ્યાત્મ’ પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ‘અધ્યાત્મ’ અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- ‘અધ્યાત્મ’ દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| સુખી થવાનો અદ્‌ભુત મહામંત્ર | શ્રી યોગેશ્વરજી | ૩ |
| પ્રણામ કોને કરાય ? | શ્રેયાર્થી | ૬ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૧૨ |
| આંગળી ચીંધ્યાનું પુણ્ય | શ્રી સર્વેશ્વરી | ૧૭ |
| પ્રશ્નોત્તરી | શ્રી યોગેશ્વરજી | ૨૧ |
| કપરી કસોટી | સત્સંગી | ૨૫ |
| શ્રી રામકૃષ્ણદેવની સાધના | નારાયણ હ. જાની | ૩૧ |
| રે મન ! | રણજીત પટેલ ( અનામી ) | ૩૫ |
| પરમચેતનાની અભિવ્યક્તિ | ભાઈલાલભાઇ છાટબાર | ૩૭ |
| મહર્ષિ શ્રી રમણદર્શન | શ્રી યોગેશ્વરજી | ૪૨ |
| સત્સંગ | હનુમાનપ્રસાદ પોદ્દાર | ૪૮ |
| જ્ઞાન અને ભક્તિની ગંગાયમુના | મહેન્દ્રકુમાર મો. દેસાઈ | ૪૯ |
| વિશ્રામગૃહની યોજના | — | ૬૦ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૫ ફેબ્રુઆરી-૧૯૮૪ અંક : ૫


## સુખી થવાનો અદ્‌ભુત મહામંત્ર

યોગેશ્વરજી

ઉપનિષદ્‌માં કહેવામાં આવ્યું છે કે यद्वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति । એટલે કે જે વિશાળ છે, વિરાટ છે, અથવા મહાન છે, તે જ સુખ સ્વરૂપ છે, સુખના મૂળ આધાર કે ભંડાર રૂપ છે, જે અલ્પ છે તેમાં સાચું ને સંપૂર્ણ સુખ નથી સમાયલું. વાત ઘણી મહત્વની છે. કેમ કે સાચા ને સંપૂર્ણ સુખની અથવા તો સુખની ઈચ્છા સંસારમાં લગભગ સૌને છે, અને એ ઈચ્છાથી જ પ્રેરાઈને સૌ કોઈ પ્રવૃત્તિ કરે છે.

ત્યારે જો વિશાળ, વિરાટ, અથવા મહાન જ સુખ સ્વરૂપ છે, તો પછી એ વિશાળ, વિરાટ અથવા તો મહાન છે કોણ ? ઉપનિષદ્ પોતે જ એ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં કહે છે કે એ પરમાત્મા છે. પરમાત્મા કરતાં વધારે વિશાળ, વિરાટ કે મહાન બીજું કોઈ જ નથી. એનો અર્થ એ થયો કે પરમાત્મા જ સુખસ્વરૂપ છે, સાચું ને સંપૂર્ણ સુખ એમની અંદર જ રહેલું છે, અને એ વાત પણ આપોઆપ જ ફલિત થઇ ગઈ કે સાચા ને સંપૂર્ણ સુખની ઉપલબ્ધિ કે અનુભૂતિ કરવા માગનારે પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરવો તથા પરમાત્મા સાથે સંબંધ બાંધવો જોઈએ. શાશ્વત અને

સંપૂર્ણ સુખની જે અદમ્ય આકાંક્ષા મનુષ્યના મનમાં મંથન જગાવી રહી છે તે આકાંક્ષા ત્યાં સુધી પૂરી નહિ થાય અને સંપૂર્ણપણે, સદાને સારુ, સંતોષાશે પણ નહિ. પરમાત્મા સાથે સંબંધ બાંધવાનો એક અર્થ એ પણ છે કે પરમાત્માના નીતિનિયમો પ્રમાણે ચાલવું, ધર્મ કે ઈશ્વર પરાયણ જીવન જીવવું, અને પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરવાનો અર્થ એ છે કે મનને નિર્મળ તથા સાધના પરાયણ બનાવીને પરમાત્માને પોતાની અંદર અને બહાર ઓળખતાં શીખવું કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવો. એ સિવાય સંસારના જુદાજુદા વિષયોપભોગના પરિણામરૂપે જે સુખ સાંપડશે તે ગમે તેટલું આકર્ષક, આનંદદાયક, અને આંજી નાખનારું હોવા છતાં સ્થાયી નહિ હોય. એ ક્ષણભંગુર ઠરશે અથવા તો વિનાશી નીવડશે. ઉપનિષદે એવા ક્ષણિક સુખની વાત નથી કરી, પરંતુ સનાતન સુખની વાત કહી બતાવી છે.

એ ઉપનિષદ્ વચનનો એક બીજો અર્થ પણ લઈ શકાય છે. એ અર્થ પ્રમાણે ભૂમા એટલે વિશાળ થવામાં સુખ છે, અને અલ્પતામાં દુઃખ રહેલું છે. જે સંકુચિત છે તે આ સંસારમાં કદી પણ સાચા સુખ અને સાચી શાંતિના ભાગી નથી થઈ શકતા. એમને કલેશ, અશાંતિ અને દુઃખનો જ સામનો કરવો પડે છે. એથી ઉલટું, જે ઉદાર. વિશાળ તથા નિઃસ્વાર્થ બને છે, અને વિરાટ વિશ્વની સાથે પોતાની અંતરંગ એકતાનો અનુભવ કરે છે. તે શાંતિ મેળવે છે, સુખી થાય છે, અને બીજાને પણ સુખી કરે છે. એટલે ટૂંકા ભાવો. ટૂંકા ખ્યાલો ને ટૂંકા વિચારોનો ત્યાગ કરીને વિશાળતામાં પ્રવેશવાની જરૂર છે. ઉત્તમ ભાવો, ખ્યાલો કે વિચારોને જગાવવાની જરૂર છે. મહત્વાકાંક્ષાની મૂર્તિ બનવાની જરૂર છે.

અલ્પતામાં રમનારા, ટૂંકા દિલના માણસને સાચું સુખ નથી મળી શકતું એનો એક ત્રીજો ઉપયોગી અર્થ પણ લઈ શકાય છે. જે માણસ પોતાને પોતાના શરીર પૂરતો તથા ઘર પૂરતો જ સીમિત માને છે, અને એને માટે જ પ્રવૃત્તિ કરે છે, એ અલ્પતામાં જીવે



છે એમ કહી શકાય. એનું જીવનક્ષેત્ર કે કાર્યક્ષેત્ર અલ્પ છે. એ પોતાને માટે જ જીવે છે. એવા જીવનથી સમાજને બહુ વિશેષ લાભ ના થાય. માણસે એવું અલ્પ કે સ્વલ્પ જીવન જીવીને જ સંતોષ માનીને બેસી રહેવાને બદલે, પોતાના જીવનક્ષેત્ર કે કાર્યક્ષેત્રના વિસ્તારને વધારવો જોઈએ. એટલે કે ઘરનાં ક્ષેત્રને વિશાળ કરીને કુટુંબ, ગામ, શહેર, સમાજ, દેશ અને એની સીમાની પણ બહાર પહોંચવાનો પ્રયાસ કરવો જોઈએ. એનો સીધો અર્થ એ થયો કે જીવનને વધારે ને વધારે સેવા પરાયણ બનાવવું જોઈએ. કુદરત આખીયે કેવળ પોતાને માટે નહિ, પરંતુ બીજાને માટે જીવી રહી છે. તેવી રીતે માણસે પણ જ્યાં હોય ત્યાં રહીને બીજાને ઉપયોગી થવાની કોશિશ કરવી જોઈએ. પોતાના જીવનને અને જીવનની સકળ સામગ્રીને વધારેમાં વધારે માણસો તથા જીવોના સુખ તેમ જ હિતને ખાતર કામે લગાડવા સદાયે તત્પર રહેવું જોઈએ. એનું નામ ભૂમા બનવું. તમે તમારે જ માટે જીવો ને તમારા જ સુખનો વિચાર કરો તે પૂરતું નથી. સુખ બીજાને સુખી કરવામાં રહેલું છે એ વાતને યાદ રાખીને બીજાને ખપ લાગવા ને બીજાની જીવનવાડીને મઘ-મઘતી કરવા મહેનત કરો તો અંતરનું અસાધારણ સુખ આપો-આપ આવી મળશે. બીજાને માટે જીવતા થશો તેટલા જ સુખી થશો ને તમારે માટે જીવતા થશો તેટલા જ દુઃખી.

આનો ભાવાર્થ કે સાર સ્પષ્ટ છે. જીવનના જે ક્ષેત્રમાં હો તે ક્ષેત્રમાં રહીને બને તેટલા વિશાળ બનો. જો તમને ધનવાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય તો એ સૌભાગ્યનો સદુપયોગ કરો. ધનને બીજાની સેવાસહાયતાના કામમાં લગાડો. જો તમે વિદ્વાન હો તો એ વિદ્યાથી તૃપ્ત થઈને બેસી રહેવાને બદલે, વધારે ને વધારે વિદ્યા પ્રાપ્ત કરો ને બીજાનો જીવનપંથ અજવાળો. બળથી નિર્બળ-ની રક્ષા કરો. શિક્ષક હો તો બીજાના જીવનઘડતરમાં મદદરૂપ બનો.

(અનુસંધાન પાના ૬૪ ઉપર)

# પ્રણામ કોને કરાય ?

શ્રેયાર્થી

માનવ તર્કપ્રધાન હોવાથી, દરેક બાબતને બુદ્ધિથી સમજવા પ્રયત્ન કરે છે. પરંતુ કેટલીક આધ્યાત્મિક પરંપરાઓ કે ક્રિયાઓ બુદ્ધિથી સહજ રીતે સમજાય તેવી હોતી નથી. એટલે માણસને શંકાઓ થવા માંડે છે. આ શંકાઓનું નિરસન યોગ્ય રીતે જો થઈ જાય તો એની ઘણી ગ્રંથિઓ દૂર થઇ જાય છે ને સાચી સમજની સંપ્રાપ્તિ થવાને લીધે તેના જીવનના વિકાસમાં તે ઉપયોગી બને છે.

આથી ઉલટું, શંકાઓના યથાયોગ્ય પ્રત્યુત્તરના અભાવે કે સમાધાન વિના, માણસ ઘણીવાર સારી રૂઢિઓ કે પરંપરાઓમાં અશ્રદ્ધા કરતો થઇ જાય છે, તે સારું નથી. જો કે સમજ્યા વગર આચરણ કરનાર કરતાં, સમજવાની જીજ્ઞાસા રાખનાર વધારે સારો છે, કારણ કે એકવાર સાચી વસ્તુ સમજાઇ જતાં તે તેનું સમજપૂર્વકનું આચરણ કરતો થઈ જશે.

હિંદુ ધર્મમાં વયમાં નાના અથવા મોટા સંતોને પ્રણામ કરવાની પ્રણાલિ છે. પરંતુ થોડું ભણેલા કે કંઇક અહંવાળી વ્યક્તિઓને પ્રણામ કરતાં સંકોચ પામતા આપણે જોઇએ છીએ, ત્યારે આ પરંપરા પાછળનું રહસ્ય જાણવાની જીજ્ઞાસાવાળી વ્યક્તિઓને લાભ થાય તે હેતુથી, અહીં એક પ્રસંગનું આલેખન કરું છું.

પ. પૂ. મહાત્માજીના એક ભકતનો યુવાન પુત્ર પોતાના પિતાજી સાથે પૂ. મહાત્માજી ને પૂ. શ્રી સર્વેશ્વરી મા પાસે



ઘણીવાર આવતો. તેના પિતાજીને પૂ. મહાત્માજીમાં ખૂબ શ્રદ્ધા અને પ્રેમ એટલે તેઓશ્રી સાથે તેને પણ અવારનવાર આવવાનું બનતું. પરંતુ પોતાના કોઈક ખ્યાલોને લીધે એને ન તો પૂ. શ્રીને પ્રણામ કરવાનું ગમતું કે ન તો પૂજ્ય માને.

એ યુવાનના મનમાં કદાચ એ પણ ગડમથલ થતી હશે કે પોતાના પૂ. પિતાજી આટલી મોટી ઉમ્મરના હોવા છતાં પૂ. માને શી રીતે પ્રણામ કરે છે! એમને એમ કરતાં કેમ કોઈ સંકોચ નહિ થતો હોય! પૂ. માની ઉમ્મર તો તેમના પિતા કરતાં અર્ધી જ માણ છે. એટલે વયમાં તે વડીલ છે, છતાં નાની વ્યકિતને અને તે પણ એક સ્રીને આટલા ભાવપૂર્વક પ્રણામ કરે છે, તે શું ઉચિત લેખાય ?

આવા આવા કંઈક વિચારો તે યુવાનને થતા. પરંતુ તેની સ્પષ્ટતા પોતાના પિતાજી પાસેથી મેળવવાની એની ઇચ્છા નહિ હોય કે આવું પૂછવાથી પિતાજી કદાચ નારાજ થઇ જાય–એ ભયે એણે એ વાત એમને કદી પૂછી નહિ.

બન્યું એવું કે પૂ. શ્રીના એક બીજા ભકત–એમને ત્યાં એક વખત રાતવાસો રોકાયા. તે દરમ્યાન કુટુમ્બનાં અન્ય સભ્યો સાથે આ યુવાન પણ બેઠેલો. સત્સંગની વાતો થતી રહી. ભગવાનની ને સંત પુરુષોની વાતોમાં ઘણો બધો વખત વહી ગયો. ઘરનાં બીજાં સભ્યોને પણ રસ પડવાને લીધે આવીને બેઠા. સંતપુરુષોના જુદા જુદા જીવન પ્રસંગોની વાતો થતી હતી, એમાં પ. પૂ. શ્રી સહજાનંદ સ્વામીને પૂ. શ્રી રામાનંદ સ્વામીએ ગાદી ઉપર બેસાડયા એ પ્રસંગની વાત પણ નીકળી.

પ. પૂ. શ્રી સહજાનંદ સ્વામીની ઉમ્મર તે વખતે માત્ર ૧૯ વર્ષની, જ્યારે શ્રી રામાનંદ સ્વામીના અન્ય શિષ્યગણોમાં પૂ. શ્રી મુકતાનંદ સ્વામી ઘણી મોટી ઉમ્મરના ને વડીલ

જેવા. ગાદી ઉપર બેસવાની પૂરેપૂરી ને સંપૂર્ણ લાયકાત ધરાવતા હોવા છતાં, શ્રી રામાનંદ સ્વામીએ આ છોકરા જેવા શ્રી નીલકંઠવર્ણીને ( સહજાનંદ સ્વામી ) ઉત્તરાધિકારી તરીકે ગાદીએ બેસાડયા; ત્યારે ભારે હલચલ મચી ગઇ. પોતાના ગુરુનો આ નિર્ણય કેંક સાધુઓને ડહાપણભર્યો ન લાગ્યો.

વાત સાચી હતી. પૂ. શ્રી મુક્તાનંદ સ્વામી બધી જ રીતે યોગ્ય હતા. છતાં તપ, ત્યાગ, વૈરાગ્ય અને આત્મિક અનુભૂતિની દૃષ્ટિએ શ્રી નીલકંઠવર્ણી એમના કરતાં ઘણા ચઢિયાતા હતા. એટલે તે પોતાના સંપ્રદાયને સારી ને સાચી દોરવણી પૂરી પાડશે એની ખાત્રી પ. પૂ. શ્રી રામાનંદ સ્વામીને પોતાની વિશેષ શકિતવડે થઇ ગયેલી. તેથી ખૂબ ટૂંકા પરિચયે એમણે આ નિર્ણય લીધો.

પૂ. શ્રી નીલકંઠવર્ણીને શ્રી સહજાનંદ નામ આપીને શ્રી રામાનંદ સ્વામીએ ગાદી ઉપર બેસાડયા. એથી એમનું સ્થાન ગુરુ પછીનું ગણાય. તેથી એમના સર્વ શિષ્યગણો શ્રી સહજાનંદ સ્વામીને પ્રણામ કરે એ ભારતીય આધ્યાત્મિક પરંપરાને અનુરૂપ ગણાય. આમ છતાં પૂ. શ્રી મુક્તાનંદ સ્વામીને પૂ. શ્રી સહજાનંદ સ્વામીને પ્રણામ કરતાં ઘણો સંકોચ થતો. તેથી પ્રારંભમાં ઘણા વખત સુધી એ એમને પ્રણામ જ ન કરતા. પોતાનો ચઢિયાતાપણાના ભાવનો પરિત્યાગ કર્યા સિવાય, નાની વ્યકિતને પ્રણામ થઈ શકતા નથી.

બસ. આ પ્રસંગ સાંભળતાં જ પેલા યુવાને સરળભાવે પૂછ્યું " તમને બધાંને પૂ. શ્રી સર્વેશ્વરી માને પગે લાગતાં શું સંકોચ નથી થતો ? "



વાત એકદમ બદલાઈ ગઇ. એ યુવાનની સામે જોયું તો એના મુખ ઉપર જીજ્ઞાસાના સરળ ભાવો હતા. એટલે પેલા ભાઇએ જવાબ આપ્યો. " જરાય નહિ. "

" કેમ નથી થતો ? તમે તો વયમાં એમના કરતાં કયાંય મોટા છો ? વળી પૂ. શ્રીનો તમારા ઉપર ઘણો બધો ભાવ ને પ્રેમ છે. તો તમારે નાની વયના માને પ્રણામ કરવાની શી જરૂર ? " પેલા ભાઇએ કહ્યું: "તમારી વાત સાચી છે કે હું વયમાં પૂ. મા કરતાં મોટો છું. પરંતુ એમનાં ત્યાગ, તપ, સમર્પણ ને સેવા, મારા કરતાં અનેક ઘણાં ચઢિયાતાં છે. ભાઈ આપણે વ્યકિતને નથી નમતા. એના ત્યાગને, તપને, પવિત્રતાને નમીએ છીએ. વળી પૂ. મા તો ભલે આપણા જેવાં કપડાં પહેરે, પરંતુ એમણે તો સંસારનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે, માત્ર ભગવાં નથી પહેર્યાં એટલું જ. વળી તેઓ કદી કોઇનું કંઇ સ્વીકારતાં નથી, ઉલટું આપે છે. આવી વ્યકિત બીજાઓ માટે પૂજ્ય બને કે નહિ ! આ ઉપરાંત, પૂ મહાત્માજી પણ એમને પવિત્ર ને પૂજ્ય માને છે. એમને જગદંબા સ્વરૂપ લેખી 'મા' ના પવિત્રતમ ને આદરણીય સંબોધનથી બોલાવે છે. તો પછી અમારા જેવા સામાન્ય સાધક પૂ માને પ્રણામ કરવામાં સંકોચ શું કામ અનુભવે ?"

" વળી એક બીજી વાત. કોઇ સ્ત્રી પણ જ્યારે સંસારનો ત્યાગ કરે ત્યારે તેનો લૌકિક દરજ્જો અન્ય સંસારીઓ કરતાં વધી જાય છે. એટલે ગમે તેટલી વયનાં સંસારીઓ પણ એમને પ્રણામ કરે એવો શિષ્ટાચાર આપણાં ધર્મશાસ્ત્રોએ પ્રબોધ્યો છે. વડોદરાના પૂ. શ્રીના સેવાભાવી ભક્ત શ્રી જીતુભાઇ ગાંધી છે તેમના પિતાજીનું વય એંસી ઉપરનું છે.

આમ છતાં તેઓ પૂ. શ્રી ને પૂ. માને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. એવું તો બીજા અનેક નથી કરી શકતા.”

આ ખુલાસાથી એ યુવકના મનની શંકા કે જીજ્ઞાસાનું કેવુંક સમાધાન થયું, તેની ખબર નથી. પરંતુ એક બહેને પૂછયું, “તો પછી શ્રીમુકતાનંદ સ્વામીના મનનું સમાધાન શી રીતે થયું ? એઓ પછી પૂ શ્રી સહજાનંદ સ્વામીને પગે લાગતા કે નહિ ?”

“સમાધાન જરૂર થયું. એકવાર તેઓશ્રી કારિયાણીમાં વિરાજતા હતા, ત્યારે ઢળતી સાંજે તેઓશ્રી ગામની બહાર નદી તરફ જઇ રહ્યા હતા. તે વખતે પણ તેઓના મનમાં પૂ. શ્રી સહજાનંદ સ્વામીને પ્રણામ શી રીતે થાય ! એવા બધા વિચારો ચાલી રહ્યા હતા. ત્યાં તો એક અદ્દભૂત ઘટના બની. પોતે ચાલી રહ્યા હતા, તે રસ્તા પાસેના એક ઝાડના ઝૂંડ પાછળથી અચાનક એમના સ્વર્ગસ્થ ગુરૂ પૂ. શ્રી રામાનંદ સ્વામી એકદમ પ્રકટ થયા; ને તેમને તુરતજ કહ્યું, “આટલી બધી ચિન્તા મનમાં શાની કરો છો ? સહજાનંદ તો પ્રકટ પુરુષોત્તમ પોતે જ છે. હું તો તમોને નહોતો કહેતો કે ભાઈ, ખેલ ભજવતાં પહેલાં ડુગડુગી વગાડનાર જેવો આવે તેવો હું છું ને ખરો ખેલ ભજવનાર તો આ સહજાનંદ છે. એટલે એમને પૂજ્ય ગણીને પ્રણામ કરો. એમાં તમારું શ્રેય છે.”

પૂ. શ્રી મુકતાનંદ સ્વામી તુરત જ પોતાના ગુરુના ચરણમાં ઢળી પડયા. એ ઊઠયા ત્યારે ગુરુ ત્યાં ન હતા. પરંતુ હવે એમની બધી જ માનસિક ગડમથલનું સમાધાન થઇ ગયું હતું. એમને ખૂબ ખૂબ આનંદ થઈ ગયો. એ જ વખતે એમણે આજુબાજુમાંથી પુષ્પો મેળવી પોતાના હાથે જ



એક સરસ હાર ગૂંથ્યો ને પૂ. શ્રી સહજાનંદ સ્વામી જેઓ તે વખતે ત્યાં વિરાજતા હતા એમના ગળામાં પહેરાવી તેમને ખૂબ શ્રદ્ધા ને પ્રેમપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કર્યા.

એટલે કોઇપણ વ્યકિતમાં પૂજનીય એનું બાહ્ય કલેવર નથી; પરંતુ એની પાછળ રહેલું એનું તપ, ત્યાગ, પવિત્રતા સમર્પણ, સેવા ને ઉચ્ચ આત્મિક સ્થિતિ ને અનુભૂતિ છે. એટલે જ આપણાં મોટા ભાગનાં શાસ્ત્રોના રચયિતા પ. પૂ. શ્રી વેદવ્યાસજી પોતાના જ પુત્ર સ્વનામધન્ય શ્રી શુકદેવજીને વંદન કરતા, કે પ. પૂ. મા શ્રી દેવહૂતિ પોતાના પુત્ર ભગવાન શ્રી કપિલમુનિને પ્રણમતાં કદી સંકોચ ન અનુભવતાં.

## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧

# પ્રકાશના પંથે

અગત્યનું

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

(શ્રી યોગેશ્વરજીની આત્મકથા શાન્તાશ્રમમાં)

ભગવાન રમણ મહર્ષિના દર્શનેથી પાછા ફર્યા પછી એપ્રિલ, ૧૯૪૪માં હું હિમાલયમાં પ્રવેશ્યો, ત્યારે એ પુરાણ પ્રખ્યાત પુણ્યપ્રદેશને પેખીને મને ખૂબ આનંદ થયો. મારી ઈચ્છા દેવપ્રયાગ પહોંચવાની હતી. ત્યાંની દેવભૂમિ મને સર્વ પ્રકારે સુખદ ને સાનુકૂળ લાગેલી. ત્યાંનાં જળવાયુ મને અનુકૂળ લાગેલાં. વળી ત્યાં અન્નક્ષેત્ર ના હોવાથી સાધુસંતોની વસ્તી વિશેષ ન હતી. એથી ત્યાંના શાંત નિતાંત એકાંત વાયુમંડળમાં સ્વતંત્ર સાધના કરવાનો અવકાશ હતો.

મારો વિચાર દેવપ્રયાગમાં સાનુકૂળ સ્થળ ન મળે તો ઉત્તરકાશી જવાનો હતો. પરંતુ ઈશ્વરે મારે માટે દેવપ્રયાગ જ પસંદ કરેલું. તેથી ત્યાંના પ્રખ્યાત પંડિત શ્રી ચક્રધરજીએ દેવપ્રયાગમાં ગામથી થોડે દૂર એકાંતમાં એક સુંદર સ્થળ બતાવ્યું. મને પ્રથમ દૃષ્ટિએ જ તે પસંદ પડ્યું, આજુબાજુ ઊંચી ઊંચી પર્વતમાળા, નાનું સરખું આંબાવાડિયું ને પાસે અવિરત વહેતું પાણીનું ઝરણું. ત્યાં આજુબાજુ જંગલને સાફ કરાવી નાની ઓરડીનું નિર્માણ કરવું. પાસે વહેતી નાની નદી પરથી મેં તેનું નામ શાન્તાશ્રમ રાખ્યું.

આ સ્થાનમાં ત્રીસેક વરસ પહેલાં ભારતીબાબા નામે સાધુપુરુષ રહેતા. એમણે જ પુષ્કળ પરિશ્રમ કરી આંબાનાં વૃક્ષો ઉછેરેલાં; તેમના સ્વર્ગવાસ પછી નિર્જન બનેલા એ સ્થાનના સંસ્કારો આમ પુનર્જાગરણ પામ્યા.

ચક્રધરજીએ ભિક્ષા માટે ગામમાં જવાની સૂચના



આપવા પ્રાંગણમાં નાની સરખી ઝોળી લટકાવી રાખેલી. પરંતુ મારી અનિચ્છા હોવાથી હું દિવસમાં એકવાર શાંતાશ્રમમાં હાથે રસોઈ બનાવતો. મોટા ભાગે તેમાં ખીચડી જ બનતી : રસોઈ બનાવવાની કળા હસ્તગત ન હોવાથી, રસોઇ હું પોતે ખાઇ શકું એવી બનતી, ઘણીવાર ઘણા પરિશ્રમે બનાવેલી ખીચડી કાચી રહી છે એવું લાગતાં થોડું જમ્યા પછી અન્નદેવને પ્રણામ કરી પર્વતની ખીણમાં પધરાવી દેવાના પ્રસંગો ઘણા બનતા.

દેવપ્રયાગની મોટા ભાગની વસ્તી પંડાઓની હોવાથી માગીને જીવનારી. તે સહેલાઇથી બીજાને ભિક્ષા આપી ન શકે. જો કે ગામમાં ભિક્ષા માગનાર સાધુઓને ભીક્ષા મળી રહેતી. પરંતુ હું કદી કોઇ પાસે માંગતો નહિ, છતાં પરમાત્માની પરાત્પર શક્તિએ એક અથવા બીજી રીતે મને મદદ પહોંચાડી.

દેવપ્રયાગનો શાંતાશ્રમ મારે માટે આશીર્વાદરૂપ સાબિત થયો. એ સ્થાનમાં વસીને મેં અનુભવો મેળવ્યા, સાધનાની શ્રેયસ્કર યોજનાઓ ઘડી ને અદ્ભૂત શાંતિ મેળવી. તેથી મારે મન તે તીર્થભૂમિ બની ગઇ. શાંતાશ્રમમાં મારો આત્મા એથી ઘર જેવો આનંદ અનુભવતો.

શાંતાશ્રમમાં વસતાંવેંત મારા આ જન્મ પાછળનું પ્રયોજન શું, એ પ્રશ્ન મને સૌથી પ્રથમ થયો. ગત જન્મમાં તો હું એક મુક્ત પુરુષ હતો. એનું જ્ઞાન મને ઉત્તરકાશીમાં થયેલું. એટલે ખૂબ ઊંડા વિચારના અંતે એક જ નિર્ણય પર પહોંચાયું કે મારો વર્તમાન જન્મ જનકલ્યાણ માટે જ હોવો જોઇએ. એમાં ઈશ્વરપ્રાપ્તિનો અને સાધનાનાં નવાં નવાં સોપાનોને સર કરવાનો ઉદ્દેશ પ્રાથમિક, સમયાનુસાર તથા લોકસંગ્રહ માટે છે

તો પછી આ લોકહિત કયા પ્રકારનું હોય ? તે સહેલાઈથી સમજી શકાય તેવું છે. એ વખતે ભારતની સ્વાતંત્ર્ય ચળવળ ચાલી રહેલી. દેશની પરિસ્થિતિ વિક્ષુબ્ધ ને નાજુક હતી. મને થયું કે આધ્યાત્મિક શકિતસંપન્ન પૂર્ણપુરુષ જો કરૂણાથી પ્રેરાઇ, કાર્ય કરે તો દેશ અને દુનિયાને મોટી મદદ મળે. પરંતુ તે માટે **માનવે પોતાની જાતને આધ્યાત્મિક રીતે તૈયાર કરવી જોઇએ અને એની પાછળ ઈશ્વરની ઇચ્છા કામ કરતી હોવી જોઇએ.** ઈશ્વરની કૃપા અને સાધના દ્વારા જ અસાધારણ શક્તિ માણુસ મેળવી શકે.

આવી શકિતનું દર્શન આપણને ભગવાન કૃષ્ણ, બુદ્ધ, ઈશુ, રામકૃષ્ણ પરમહંસ જેવા મહાત્માઓનાં જીવનમાં થાય છે. ભગવાન કૃષ્ણ સિવાય બીજાઓએ પ્રથમ પુરુષાર્થ કરી, યાતના વેઠી, સત્યનો સાક્ષાત્કાર કરેલો. એથી એમનાં જીવન અસામાન્ય અને અલૌકિક શકિતથી સંપન્ન બનેલાં.

એ અરસામાં હું બાઇબલ વાંચતો. તેમાં ઇશુની લોકોત્તર શકિતઓ વડે વ્યાધિગ્રસ્ત વ્યાધિમાંથી મુકત થયાના, અને એક રોગી સ્ત્રી કેવળ ઇશુના વસ્ત્રને સ્પર્શીને રોગરહિત બની ગયાના ઉલ્લેખો છે. એવી અસામાન્ય શકિતને પામેલા મહાપુરુષો એકાંતમાં વસવાને બદલે, લોકહિત કરવાનું ચાલુ રાખે, તો દુનિયાને કેટલો બધો લાભ પહોંચે ? જો કે એવી શકિતઓનું ઠેકઠેકાણે પ્રદર્શન કરવાની આવશ્યકતા નથી.

મને થયું કે એવી લોકોત્તર વિભૂતિના માર્ગદર્શન દ્વારા ભારત સંપૂર્ણ સ્વતંત્ર, સુખી અને આધ્યાત્મિક બનીને સંસારને શાતિનો માર્ગ સૂચવી શકે. એથી સંસારમાં શાંતિ, ભ્રાતૃભાવ, એકતા અને ઈશ્વરપરાયણતાનો સમય પ્રકટે. મારા જન્મ માટેનું એના સિવાયનું કોઇ બુદ્ધિયુક્ત કારણ



મને ના લાગ્યું. એની પૂર્વ તૈયારીરૂપે મને મારી આ સાધના લાગી. એથી મને આનંદ થયો. મેં નમ્રભાવે પ્રભુને પ્રાર્થના કરી કે “ હે દયાળુ. મારા દોષો ના જોશો. જે યોગ્યતાની આવશ્યકતા છે, તે કૃપા કરીને પ્રદાન કરજો. મારૂં જીવન આધ્યાત્મિક પરિપૂર્ણતાને પામ્યા પછી દેશકાળને અનુસરીને લોક કલ્યાણમાં વપરાય એવો અવસર આપજો. આશીર્વાદ વરસાવજો. ’

આ વિચારો કે ભાવોને પરિપૂર્ણ કરવા માટે આધ્યાત્મિક વિકાસ દ્વારા શાંતિ અને શક્તિની સંપ્રાપ્તિ કરવા એકાંતમાં રહીને સતત સાધના કરવી જોઇએ, ને યોગ્યતા મેળવવી જોઇએ.

સમાધિ પર સંપૂર્ણ સ્વામિત્વ પછી સાધક સર્વ સમર્થ થાય છે. મને એની આવશ્યકતા લાગી. તેની પ્રાપ્તિ માટે સતત ધ્યાન કરવા માંડયું, ને ઈશ્વરની કૃપા માટે પ્રાર્થના કરવા માંડી. અવારનવાર ઉપવાસો પણ કર્યા.

શાંતાશ્રમના નિવાસ દરમિયાન જેમ વિચારોમાં સમૂળી ક્રાંતિ થઈ તેમ કેટલાક અવનવા અનુભવો પણ મળ્યા. દિવ્ય પુરુષોનાં દર્શન અને ધ્યાનના અલૌકિક અનુભવોથી સાધકનો ઉત્સાહ ને ઉમંગ વધે; ને તે વધુ પ્રેમ ને ઉત્સાહથી સાધનામાં લાગ્યો રહે મારા જીવનમાં પણ એવું જ થયું.

ઈશ્વરની અનુકંપાનો અનુભવ કરાવતા કેટલાક પ્રસંગો પણ બનતા હોય છે. એક દિવસ સાંજે આશ્રમના આંબાવાડિયામાં વાંદરાનું ટોળું આવ્યું. તે કેરીઓ ખાઇને જતું રહ્યું. પરંતુ તે પછી આશ્રમમાં ભારે દુર્ગંધ આવવા લાગી. તપાસ કરતાં જણાયું કે એક વાંદરાનું બચ્ચું મરી ગયેલું. હવે શું કરવું ?

દુર્ગંધ એટલી બધી તીવ્ર હતી કે સહન થાય નહીં. હવે એને કેવી રીતે હઠાવવું એ પ્રશ્ન થઈ પડ્યો, કારણ કે

આશ્રમમાં તો સાત આઠ દિવસે કોઇ આવતું.

એમાંથી મુકિત મેળવવા કોઇ ઉપાય ના દેખાયો એટલે મેં પ્રાર્થનાનો આધાર લીધો. બીજા દિવસે મારા આશ્ચર્ય ને આનંદ વચ્ચે એ દુર્ગંધ બંધ થઇ ગઈ! જઈને જોયું .તો વાંદરાનું નામનિશાન નહીં. મને એ અદ્‌ભૂત ઘટના પાછળ ઇશ્વરની અચિંત્ય અઘટિતઘટનાપટીયસી શકિતનો હાથ લાગ્યો. પ્રાર્થનાનું બળ ખૂબ જ મોટું છે. એના દ્વારા માનવનાં-મોટાં કામો થયાં છે.

પરંતુ પરમાત્માની એ અનુગ્રહ શકિતને માનવ ભાગ્યે જ જાણે છે. માટે તો તે દુઃખી છે. દરેક પારસ્થિતિમાં માણસ જો એનું શરણુ લે તો મુકત, પૂર્ણ ને કૃતકૃત્ય બની શકે છે.

(ક્રમશઃ)

ક્રોધનો વિજય ન થવા દો. તેને ક્ષમા, પ્રેમ, કરૂણા, સહાનુભૂતિ તથા વિવેકપૂર્ણ વિચાર દ્વારા નષ્ટ કરો.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦



# આંગળી ચીંધ્યાનું પુણ્ય

—શ્રી સર્વેશ્વરી

સાઉથ આફ્રિકાના ડરબન શહેરમાંથી એકવાર ઝામ્બિયાના એન્ડોલા શહેરના એક સજ્જનને ત્યાં ટેલિફોનની ઘંટડી રણુકી ઊઠી. ડરબનથી ફોન કરનાર એ સંતપ્રેમી થોડી ઔપચારિક વાત કર્યા પછી પૂછે છે કે તમારા દેશમાં તો દર વરસે ભારતથી કોઇક સંત-મહાત્મા પધારે છે તેમાંથી કોઇકને સાઉથ આફ્રિકા બોલાવવા હોય તો તમારા પરિચયમાં કોઇ સારા મહાત્મા છે?

ફોનમાં જવાબ મળ્યો, હા. અહીં દર વરસે કોઇકને કોઇક આવે છે તેમાં કોઇ કથાકાર, વિદ્વાન કોઇ ભજનિક હોય છે. પણ આ વરસે અહીં આવેલા સંત મહાત્મા શ્રી યોગેશ્વરજી જ્ઞાની, અનુભવી અને સાધનાપરાયણુ મહાપુરુષ હતા, તેમનો લાભ લેવા જેવો છે. તમારે બોલાવવા જ હોય તો તેમને જ બોલાવો જનતાને ઘણો લાભ થશે.

વાત ત્યાં જ ન અટકતા ફોન કરનાર સંતપ્રેમીએ યોગેશ્વરજીનું પત્રવ્યવહારનું સરનામુ માંગી લીધું.

બે ત્રણ વાકયોનો ફોનથી મળેલો શ્રીયોગેશ્વરજીનો પરિચય જાણે કે બસ થઇ પડયો.

એ સંતપ્રેમી ભાઇએ થોડા જ દિવસોમા ડરબનથી શ્રી યોગેશ્વરજીને પત્ર પણુ લખ્યો અને કોઇપણુ જાતના પ્રત્યક્ષ પરિચય વિના આમંત્રણુ પણુ આપ્યું.

એ પ્રથમ પત્ર ૧૯૭૯ ના નવેમ્બરમાં મળ્યો ત્યારે શ્રી યોગેશ્વરજી હાર્ટએટેકની બીમારીથી હોસ્પિટલમાં હતા.

પ્રથમ પત્રના ઉત્તરમાં જણાવવામાં આવ્યું કે હાલ તો બીમારી છે. જેથી પ્રવાસ શકય નથી. ભવિષ્યમાં વાત.

પ્રથમ જ પ્રત્યુત્તરથી વાત ત્યાં જ પૂર્ણવિરામ પામે, પણ ડરબનના એ સંતપ્રેમી સજ્જને પત્રવ્યવહાર ચાલુ જ રાખ્યો. ત્રણ ત્રણ વરસ સુધી નિયમિત પત્ર અને આગ્રહભર્યા આમંત્રણની વિનતિ ચાલુ જ રહી.

પરિણામે ૧૯૮૨માં પૂ. શ્રી યોગેશ્વરજીએ એ આમંત્રણનો સ્વીકાર કર્યો જેથી તરત જ સાઉથઆફ્રિકાથી જરૂરી ફોર્મ આવી ગયા અને એ સંતપ્રેમીએ એમની સંસ્થા તરફથી સ્પોન્સર-લેટર પણ વિધિસર મોકલી દીધો. એ સંતપ્રેમી સજ્જનમાં સંસ્થાના અન્ય કાર્યકર્તાઓ, પ્રમુખ ને મંત્રીને પણ વિશ્વાસ હોવાથી તરત જ ટિકિટો પણ આવી ગઈ.

૧૯૮૨ના નવેમ્બરમાં પૂ. શ્રી યોગેશ્વરજી સાથે અમે સાઉથઆફ્રિકાની ધરતી ઉપર પગ મૂકયો ત્યારે ડરબનના એરપોર્ટના કસ્ટમ વિભાગમાં અંદર જ સૌ પ્રથમ એ સંતપ્રેમી સજ્જન મળ્યા. તેમણે નમસ્કાર કરીને વાતચીત શરૂ કરી. એકવડિયું શરીર. શાંત, નમ્રને વિવેકી પ્રથમ મુલાકાતે કંઇક એવી છાપ પડી. અમારે માટે તો એ પ્રત્યક્ષ રીતે અપરિચિત હતા જેથી નામ પૂછયું તો જણાયુ કે એમનું શુભ નામ શાંતિભાઈ. અમારો એ સંતપ્રેમી સજ્જન સાથેનો પ્રત્યક્ષ મળવાનો પ્રથમ પરિચય અને પ્રસંગ.

ધન્ય છે એમની ધીરજને, ધન્ય છે એમના સંતપ્રેમી સ્વભાવને અને ધન્ય એમની પત્રવ્યવહારથી થતી વિનતિને.

એમની સાથે કસ્ટમની બહાર નીકળતાં જ અમને આમંત્રણ આપનારી સંસ્થા પુનિત સેવા સંઘના લગભગ પંદરવીસ



ભાઇબેનોએ અમારું પુષ્પહારથી સ્વાગત કર્યું.

પુનિત સેવા સંઘમાં શ્રી શાંતિભાઇ એક પદાધિકારી હતા. એ સંસ્થા હિન્દુ એસોસીએશન સાથે જોડાયેલી છે. ગુજરાતી સ્કૂલ, સપ્તાહ મંદિર, સત્સંગ તથા બીજી જાહેરસેવાની પ્રવૃત્તિ આ સંસ્થા ચલાવે છે.

ડરબન શહેરમાં પૂ. શ્રી. યોગેશ્વરજીના જાહેર કાર્યક્રમો શરૂ થઇ ગયા. જોતજોતામાં એક માસ થઇ પણ ગયો અને શ્રી. શાંતિભાઇને થયું કે પૂ. શ્રી. યોગેશ્વરજીનો લાભ આખા દેશને પણ મળે તો સારું. પરિણામે રેડીયો ને વર્તમાનપત્રોમાં પણ પૂ. શ્રીને આમંત્રણ મળ્યું. વળી આખા દેશના મુખ્ય મુખ્ય શહેરોમાં પણ પ્રવચનોનું આયોજન એમણે તરત જ ઉત્સાહપૂર્વક કર્યું. પરિણામે જોહાનીસબર્ગ, કેપટાઉન, પ્રિટોરીયા, ઇસ્ટલંડન, પોર્ટઇલિઝાબેથ, ગ્રેહામ્સ ટાઉન, સ્પીંગ, બીનોની, એસ્કોર્ટ, ન્યુકાસ્ટલ, કિંગ વિલિયમ ટાઉન, સુટનહેક, લેડીસ્મિથ, ડન્ડી, પીટસમેરીબર્ગ વગેરે શહેરોમાં સત્સંગનો લાભ અપાવ્યો અને અમને દેશ દર્શન પણ કરાવ્યું અને ફરીથી ડરબનમાં કાર્યક્રમો થયા. પૂ. શ્રી સાઉથ આફ્રિકામાં છ માસ રહીને લાભ આપે એવી પણ એમણે વારંવાર આગ્રહ ભરી માંગણી કરી. પરિણામે પૂ. શ્રી ચાર મહિના એ ધરતી ઉપર રોકાયા.

શ્રી શાંતિભાઇ દશ જેટલી જાહેર સેવાની સંસ્થામાં માનદ સેવા આપે છે. પોતાના વ્યવસાયમાંથી સમય કાઢીને વરસોથી જનસેવાનાં કાર્ય કરે છે. ત્યાં કોઇ શહેરમાં કોઇ કથાકાર આવે તો તેનો લાભ પણ ડરબનની જનતાને અપાવે છે.

શ્રી. શાંતિભાઇએ એક દિવસ વાતવાતમાં કહ્યું કે હું અધ્યાત્મ માસિકનો વાર્ષિક ગ્રાહક છું. પણ હવે આજીવન સભ્ય થઇ

જવા ઇચ્છું છું. વળી બીજા પણ દશ પંદર આજીવન સભ્યો બને એવો પ્રયત્ન કરીશ જેથી એમને પણ શિષ્ટ સંસ્કારી ગુજરાતી વાચન મળી રહે.

અને સાચેજ શ્રી શાંતિભાઇની ભાવના પ્રભુએ પૂરી કરી. અધ્યાત્મ માસિકના ડરબન શહેરમાંથીજ ઘણા આજીવન સભ્યો બન્યા. એની પાછળ મુખ્યત્વે એમનો જ પુરુષાર્થ કામ કરી રહેલો.

વળી દર વરસે ધ્યાનસાધના શિબિરનું આયોજન પૂ. શ્રી કરે છે તે જાણીને શ્રી શાંતિભાઇએ વિનતિ કરી કે અહીં પણ એવી એક દિવસની શિબિર કરો કે જેથી ધ્યાન સાધના વિશે અમે પણ માહિતગાર થઇએ. પૂ. શ્રીએ મંજૂરી આપી એટલે શ્રી શાંતિભાઇએ સંસ્થાના કાર્યકર્તાઓની મદદથી એક દિવસ-ની શિબિરનું પણ આયોજન પૂર્ણ કર્યું.

વિદેશની ધરતી ઉપર પૂ શ્રી ની એ પ્રથમ ધ્યાનસાધના-શિબિર હતી, જેનો યશ શ્રી શાંતિભાઇને ઘટે છે.

શ્રી શાંતિભાઇ જેવી એકજ ગુણગ્રાહી વ્યક્તિના પુરુષાર્થ, પ્રયત્ન, શ્રદ્ધા ને વિશ્વાસથી આખાયે દેશને એક સંતપુરુષના જ્ઞાનનો લાભ મળ્યો. ધન્ય છે એમની ભાવનાને.

સાઉથ આફ્રિકાની ધરતી પર શ્રી શાંતિભાઈ જેવા માનવ-રત્ન પણ વસે છે. એવી એક વિશેષ પ્રતીતિ પ્રભુકૃપાથી એ યાત્રામાં થઇ શકી.



# પ્રશ્નોત્તરી

—યોગેશ્વરજી

પ્રશ્ન:–હું આ પ્રમાણે મંત્રનો જપ કરું છું તો તેનો શો અર્થ થાય ? તે મંત્ર શું બરાબર છે ?

ૐ રામ રામાય નમઃ ।

આ મંત્રના કેટલા જપ થાય તો ભગવાન રામનું દર્શન થાય ?

ઉત્તર:–તમે જે મંત્રનો જપ કરો છો તે બરાબર છે. તેનો અર્થ પણ સરળ છે. સંત કબીરે તેની વ્યાખ્યા આપતાં કહ્યું છે "જે સૌમાં રમે તે રામ." આખું જગત જેના આધારે ટકે અને જગત જેમાંથી શ્વાસ લે, પ્રેરણા પામે, તે રામ. रमन्ते यस्मिन् योगिनः स रामः । જેમાં યોગીઓ રમે, ધ્યાન કરે, જેની આરાધના કરે ને સુખશાંતિ પામે, જગત જેમાંથી પેદા થાય, જેના આધારે ટકે, અને અંતે જેમાં સમાઈ જાય તે શ્રીરામ છે. રામ એટલે રઘુકુલનંદન દશરથનંદન સાકાર સ્વરૂપે ખરા, પરંતુ એ જ રામનું નિરા-કાર સ્વરૂપ ઉપર બતાવ્યું તેવું. એવા રામનું સ્મરણ કરી પ્રણામ કરું છું એવો એ મંત્રનો અર્થ અને ભાવ છે.

હવે આ મંત્રના કેટલા જપ થાય તો ભગવાન રામનું દર્શન થાય ?

પ્રશ્ન મહત્ત્વનો છે. પરંતુ એના ઉત્તરમાં એમ કહી શકાય કે એનો આધાર જપ કરનાર વ્યક્તિની પવિત્રતા, શુદ્ધિ ને ભાવ ઉપર રહેલો છે; તે વ્યક્તિ-વ્યક્તિએ ભિન્ન હોઇ શકે.

આપણે ત્યાં કલિ સંતરણ ઉપનિષદ છે. તેમાં લખ્યું છે

કે કોઈપણ મંત્રના ૩ કરોડ જપ થાય એટલે મંત્રના અધિષ્ઠાતા દેવનું દર્શન—કે ભગવાનનું દર્શન થાય. આમ છતાં દરેક સાધકની બાબતમાં આટલી સંખ્યાથી દર્શન થશે જ એમ ના કહી શકાય; કારણ કે જપ કરતાં મહત્ત્વની વસ્તુ તો જપ જપતાં જપતાં પ્રકટ થતો ભાવ છે. એ ભાવ જેટલો પ્રબળ, જેટલો ઉત્કટ કે તીવ્ર, તેટલું દર્શન વહેલું થાય. એટલે એવું પણ બને કે ત્રીસ લાખમાંય દર્શન થાય અને ત્રણ કરોડે પણ ના થાય.

ભગવાન હેતથી હાલે છે, ભાવથી ભીંજાય છે, નેહથી નાચે છે, પ્રેમથી પલળે છે ને અનુરાગથી આલિંગે છે : એટલે આ બધું ના થાય ત્યાં સુધી દર્શનની આશા નહિ. એ ખરું કે જપ કરતાં કરતાં હૃદય શુદ્ધિ થાય, એનાથી ભૂમિકા બંધાય, પરંતુ ભાવ મુખ્ય છે. પ્રેમ વગર ભાવ જાગતો નથી. જાગે તો ટકતો નથી. એટલે જાગેલો ભાવ ટકી રહે ને દિન પ્રતિદિન વધતો જ રહે તો કામ સરળ બને. જેવું શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનમાં જોવા મળે છે. જ્યારે ભગવાનના વિરહમાં ભક્તનું ખાવાનું, પીવાનું, ઊંઘવાનું બધું જ છૂટી જાય, ને કેવળ એના દર્શનની લગનીમાં જીવનના અન્ય વ્યાપારો ગૌણ બની જાય, ત્યારે પ્રભુ દર્શન આપે છે. એ માટે જ્ઞાનની, ધ્યાનની કે દાનની બહુ આવશ્યકતા નથી. જીવન સરલ ને નિષ્કપટ હશે તો એમાં થોડું કરેલું સાધન ભજન પણ વધુ ફળદાયી બનશે. જેવી રીતે ફળદ્રૂપ જમીનમાં પડેલું બી, સરળતાથી ઊગી નીકળે છે, પરંતુ ખાર જમીનમાં પડેલા બીને ઉગાડવામાં ઘણી ઘણી મહેનત કરવી પડે છે. છતાં તેનો ઉછેર ને વિકાસ પેલી ફળદ્રુપ જમીનના બી જેવો થતો નથી.

પ્રશ્નઃ-હું જન્મે મુસલમાન છું. પરંતુ ભગવાન કૃષ્ણ



ઉપર મને પ્રેમ છે તેથી હું તેમના જપ કરું છું. વ્યવસાયે હું દાક્તર છું ને ખાસ ફી લીધા વગર લોકોની સેવા કરું છું. પરંતુ મારું આ પ્રકારનું જીવન અને વ્યવહાર મારા કુટુમ્બીઓને પસંદ નથી. તેઓ મારો વિરોધ કરે છે. તો મારે શું કરવું ?

ઉત્તરઃ-માણસનો જન્મ કયા દેશમાં, કયી જાતિમાં કે કયા કુટુમ્બમાં ને કયારે થશે, તે બધું કર્માનુસાર છે. એ રહસ્ય ઘણું જટિલ છે. તમોને મા-બાપ, પત્ની, પુત્રો કે ભાઈબહેન બધાં ઋણાનુબંધ પ્રમાણે મળે છે. એટલે એમાં આપણું ધાર્યું થતું નથી. એટલે તમોને જે પરિસ્થિતિ જન્મથી મળી છે, તેની સાથે સંઘર્ષમાં પડશો, તો તમારી ઘણી શકિત વેડફાઈ જશે. વળી એનાથી માનસિક અશાંતિ વધશે ને જીવનનું લક્ષ્ય ચૂકી જવાશે.

એટલે સારો ઉપાય એ છે કે ઉપલબ્ધ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવો ને ઓછા સંઘર્ષે આપણું કામ થાય તે જોવું.

તમોને કયા દેવ ઉપર ભાવ થવો, એમાં પણ તમારા પૂર્વજન્મના સંસ્કારો જ ભાગ ભજવે છે. એટલે તમોને ભગવાન કૃષ્ણ ઉપર ભાવ-પ્રેમ હોય તો તે કંઈ ખોટું નથી. એમાં તમારા મનમાં પડેલ અજ્ઞાત સંસ્કારો જ કામ કરી રહ્યા છે, એમ માનવું. આખરે તો સમગ્ર વિશ્વમાં એક જ શકિત કામ કરી રહી છે, એને તમે, અલ્લાહ કહો, રામ કહો કે ઇશુ કહો, બધું એક જ છે.

હવે તમોને માંસાહાર ન ગમતો હોય તો ન કરો. માણસના મનની ઘણી બધી શુદ્ધિનો આધાર, આહારશુદ્ધિ ઉપર રહેલો છે. જે માણસ સાચી રીતે પ્રભુનો ભક્ત હોય-પછી ભલે તે ગમે તે ધર્મનો હોય પણ તે જીવ હિંસા ન જ કરી શકે. દુનિયામાં ઘણા બધા માંસાહારી લોકો પણ આજે શાકા-

હારી બનતા જાય છે. કારણ કે એમને સમજાયું છે કે સારું સ્વાસ્થ્યપૂર્ણ જીવન જીવવા માટે માંસાહાર આવશ્યક નથી. વળી એનાથી જીવહિંસાથી બચાય છે.

તમે દાકતર છો તે સારું છે. તમે લોકોની સારી રીતે સેવા કરી શકશો. હું તો માનું છું કે જે પૈસા આપી શકે એવા છે, એમના પૈસા લો તો તેમાં કાંઈ ખોટું નથી. પૈસા લેવા જોઈએ. પ્રામાણિકપણે ધન કમાવું ને તે સારા સારા માર્ગે ખર્ચવું એ સારું છે જ. એથી ઉલટું, જે અભાવ-ગ્રસ્ત છે, જેમની પાસે દવાના ય પૈસા નથી, એવા ગરીબોને મફત દવા આપો, એમને જરૂરત ને યોગ્યતા પ્રમાણે બીજી મદદ કરો તો તે ઉત્તમ છે. તમારી પાસે આવતા દર્દીઓ પ્રભુનાં જ સ્વરૂપો છે, એમ માની એમની સેવા કરો તો એ સાધના જ છે.

ઘરની પ્રતિકૂળતાથી ગભરાવું નહિ. એમ સમજવું કે પ્રભુએ સમજપૂર્વક એ પ્રતિકૂળતા આપી છે કે જેથી ઘરમાં ને ઘરના માણસોમાં આસકિત ન થઇ જાય. પરિસ્થિતિ સાથે સમજપૂર્વકનું સમાધાન કરી લેશો, તો માનસિક પરિતાપમાંથી બચી જશો. બાકી હરતાં ફરતાં કે જ્યારે પણ સમય મળે ત્યારે પ્રભુનું સ્મરણ કરતા રહો તો એનાથી તમારો માર્ગ આપોઆપ સરળ થતો રહેશે. વિઘ્નો ને પ્રતિકૂળતાઓ કેટલીક-વાર આપણી કસોટીરૂપ હોય છે. તેનાથી ગભરાવાની જરૂર નથી. પ્રભુ સર્વ સમર્થ છે. તેને પ્રાર્થતા રહેવું. તે પોતાના ભકતની પૂરેપૂરી સંભાળ રાખે છે. ફકત જરૂર છે તેને શરણે જઇ, સમર્પણ કરવાની. પણ બધા જીવોથી એ બનતું નથી. એમાંય પૂર્વના સંસ્કારો જ ભાગ ભજવે છે.



# કપરી કસોટી

ઘણું જ અગત્યનું

(ગતાંકથી ચાલુ)

સત્સંગી

બીજા દિવસે આણંદજીએ વિચાર કર્યો, મેં તો કંઈ ખોટું કર્યું નથી. એટલે મારે શરમાવાની શી જરૂર ! એમણે મનમાં નક્કી કર્યું કે સત્સંગમાં જવું, પણ બહાર બેસવું. ને મંદિરમાં બહાર ઊભા ઊભા જ પ્રભુનાં ઓવારણાં લઇ ભજનો ગાવાં ને પગે લાગી ઘરે આવવું.

આમ આણંદજી રોજ રોજ ભાગોળે સત્સંગમાં ને મંદિરમાં જતા. પરંતુ સત્સંગની બેઠકમાં અંદર ન બેસતા કે મંદિરના દરવાજાની અંદર પગ ન મૂકતા. એમને આમ જોઇ એમના વિરોધીઓ રાજી થતા. કેટલાક ટીખળી દ્વેષી-ઓ એમનું અપમાનેય કરતા તો કદીક પાછળ હુરિયો બોલાવતા, કદીક એમને 'નાતબહારિયો' કહી મજાક કરતા.

પરંતુ આણંદજીના મન ઉપર બધાની કોઇ અસર થતી નહિ. એમની નિષ્ઠા શ્રીજી મહારાજમાં ખૂબ દૃઢ હતી. એમની શ્રદ્ધાય એવી જ અવિચળ ને અખંડ હતી. એમનાં પત્નીને આ જોઇ દુઃખ થતું. પોતાના પતિની લોકો આવી અવહેલના કરે એ એમનાથી સહન ન થતું. વળી મનમાં થતું કે મારા લીધે જ એમને આ બધું સહેવાનું થયું છે. પણ હવે શું થાય !

આમ ને આમ ચારેક માસ નીકળી ગયા. વૈશાખ મહિનો બેસી ગયો. આંબાઓ ઉપર કોયલો ટહૂકા કરવા લાગી ને ચાતક પક્ષી વાદળો જોઇ બોલવા લાગ્યાં. આણંદજીની હાલત પણ વરસાદનાં ટીપાંની રાહ જોતા પેલા ચાતક જેવી

જ હતી. એમની તૃષા તો મહારાજશ્રીની કૃપા થાય તો જ છીપે એમ હતી. આણંદજી મનોમન રોજરોજ પ્રાર્થના કરતા રહેતા. 'પ્રભો, મારા બધા અપરાધો ક્ષમા કરી, મારા ઉપર કૃપા કરો. મારા અવગુણો ને અપરાધો સામે ના જોશો."

ત્યાં એક દિવસ ખબર આવ્યા કે મહારાજશ્રી ઘેડ જતાં, માંગરોલ પધારે છે. સત્સંગીઓમાં આનંદ ને ઉલ્લાસ વ્યાપી ગયો. લોકોએ ગામમાં શણગાર કર્યા ને શ્રીજી મહારાજનું સુંદર સ્વાગત કરવા મંદિરમાં સરસ બેઠક શણગારી. આ બધું જોઇને આણંદજીને પણ ઉલ્લાસ થઇ આવ્યો. પરંતુ બીજી જ પળે યાદ આવ્યું કે મને તો પ્રભુએ સત્સંગમાંથી વિમુખ કર્યો છે ને સન્મુખ આવવા ના પાડી છે. પછી મારી ગૂંથેલી માળા પણ એમને હું શી રીતે પહેરાવવાનો ?

એ યાદ આવતાં એમનો ઉત્સાહ ને ઉમંગ ઓસરી ગયો. હાથ પગ શિથિલ થઇ ગયા. ભાવ ગાઢ થતાં આંખમાં આંસુય ઉભરાયાં, એ એમણે અંગરખાની બાંયથી લૂછી નાખ્યાં. પણ મન માને નહિ એટલે એમણે એક સરસ હાર તો પોતાના હાથે ગૂંથ્યો. મનમાં થયું 'મહારાજ કદાચ બોલાવે. તો ખાલી હાથે થોડો એમને પગે લાગવા જાઉં ! તો વળી મન દલીલ કરતું, "એમ મને થોડા જ બોલાવવાના છે ? હોય તો કાઢે શું કરવા ?"

મહારાજશ્રી પધારતાં ગામ લોકોએ વાજતે ગાજતે એમનું સ્વાગત કરી સામૈયું કર્યું. હર વખતે આવા પ્રસંગે લોક સમુદાયની મોખરે રહેનાર આણંદજીને આ વખતે મહારાજે ન જોયા. એમણે આસપાસ નજર કરી પણ ક્યાંય નજરે ન પડ્યા. ત્યાં મહારાજને યાદ આવ્યું, "અરે અમે



જ એમને વિમુખ કર્યા છે, સન્મુખ આવવા ના પાડી છે, પછી બિચારા શાના આવે !"

આણંદજી એ સમયે લોક સમુદાયને એક છેડે ઊભા ઊભા દૂરથી જ મહારાજશ્રીને મનથી પ્રણામ કરી રહ્યા હતા. એમની આંખ આગળ ચાર માસ પહેલાં મહારાજશ્રી પધાર્યા ત્યારે પોતે સહુથી આગળ જઈ મહારાજશ્રીની ઘોડીની લગામ પકડી લીધી હતી ને તેમને ઘોડી ઉપરથી ઊતરવા પોતાના ખભાનું ટેકણ ધર્યું હતું, તે તરવરવા લાગ્યું. એમનું હૃદય એ સ્મરણથી રોમાંચિત બની ગયું ને ભાવ-વિભોર બની આંખમાંથી ટપકી રહ્યું.

અશ્રુછાયી આંખે એમણે જોયું તો મહારાજશ્રી કોઇનુંય ટેકણ લીધા વિના ઘોડી ઉપરથી ઊતરી પડી ચાલવા માંડ્યા. આખો જન સમુદાય મહારાજશ્રીની પાછળ પાછળ ચાલવા માંડ્યો ને સન્માન સમારંભની બેઠકમાં પ્રવેશ્યો.

આણંદજી હજી ત્યાં જ ઊભા હતા. એમણે મહારાજશ્રી જ્યાં ઘોડી ઉપરથી ઊતરેલા, એની ચરણરજ હાથમાં લઇ માથે ચઢાવી ને સમારંભની બેઠક તરફ ચાલવા માંડ્યું.

મંદિરના પટાંગણમાં ઊંચા આસને ગોઠવેલી બેઠક ઉપર મહારાજશ્રી વિરાજ્યા છે. આસપાસ ભકતો બેઠા છે. સત્સંગીઓ એક પછી એક ઊઠી મહારાજશ્રીના ગળામાં હાર પહેરાવી રહ્યા છે. આણંદજી આ બધું જોઇ રહ્યા છે. પછી લોકોનાં પગરખાં આગળ જ એ બેસી ગયા. ત્યાં એમની નજર મહારાજશ્રીની પેલી ચિરપરિચિત મોજડી ઉપર પડી. સાથે સાથે બીજા સત્સંગીઓના જોડા પણ હતા. આણંદજી પોતાના અંગરખાના છેડા વતી એ જોડાઓની ધૂળ લૂછવા લાગ્યા.

છેવટે મહારાજશ્રીની મોજડી હાથમાં લઇ, એમણે લૂછી પ્રણામ કર્યા.

મનમાં કહ્યું પણ ખરું કે તમારું કેવું સરસ ભાગ્ય! એમ કહી અંગરખા નીચે સંતાડી રાખેલી માળા એ મોજડી ઉપર ચઢાવી દીધી ને એને છાતી સરસી ચાંપી દીધી.

ત્યાં તો મહારાજે સત્સંગીઓને પૂછ્યું, " અમારા આણંદજી ક્યાં ? "

એક સત્સંગીને થયું કે મહારાજશ્રી ભૂલી ગયા લાગે છે. એટલે યાદ દેવડાવતા હોય તેમ કહ્યું, "મહારાજ, આપે જ એમને સત્સંગમાંથી વિમુખ કર્યા છે. એટલે અહીં ક્યાંથી હોય ?"

મહારાજે પૂછ્યું, અમે એમને વિમુખ કર્યા છે એ સાચું પણ એ અહીં ક્યાંય હશે તો ખરા જ. "

ત્યાં એક જણ બોલી ઊઠ્યું, "એ બેઠા, બહાર પગરખાં પાસે. "

એટલું સાંભળતાં જ મહારાજશ્રી પોતાની બેઠકમાંથી ઊભા થઇ ગયા ને દરવાજા તરફ ચાલવા માંડ્યા. શું થઈ રહ્યું છે, તેની લોકોને સમજ પડે તે પહેલાં તો મહારાજશ્રી દરવાજે પહોંચી ગયા, ને આણંદજી તમે અહીં!

આણંદજીના હાથમાં શ્રીજી મહારાજની મોજડીઓ એમ જ રહી ગઇ. એમણે ઊંચું જોયું તો મહારાજ પોતે જ સામે ઊભેલા જેમણે વિમુખ કરેલા એ જ. આણંદજીએ મહારાજશ્રીના પગ પકડી લીધા. એમની આંખોમાં હર્ષનાં આંસુ ઊભરાઈ આવ્યાં.



મહારાજે પોતે નીચા નમી પોતાના બે હાથ વડે પકડી આણંદજીને ઊભા કરી, છાતી સરસા ચાંપ્યા ને પછી કહ્યું, "તમે અમારી કપરી કસોટીમાંથી પાર ઊતર્યા છો. તમે અમારા અનન્ય એકનિષ્ઠ સાચા ભક્ત છો. તમારા જેવા ભક્તોજ અમારું બળ છે. તમારા લીધે જ અમારો સત્સંગ ઊજળો છે" કહી મહારાજશ્રીએ આણંદજીના ગળામાં પોતાના ગળામાં પહેરેલી કેટલીય માળાઓ પહેરાવી દીધી.

જન સમુદાય તો આભો બની જોઇ રહ્યો. એમને સમજાયું નહિ કે મહારાજે આણંદજીનું આટલું બધું બહુમાન શાનું કર્યું! પરંતુ જે સાચા સત્સંગી હતા તેમને રહસ્ય સમજાઇ ગયું. તેઓ રાજી થયા, વિરોધીઓના મોં પડી ગયાં. કંચન અને કથીર વચ્ચેની પરીક્ષા મહારાજે કરી લીધી.

આણંદજીએ નમ્રભાવે પૂછ્યું, "પ્રભુ, આ જન્મમાં તો મેં આપનો કોઇ અપરાધ કર્યો નથી, છતાં આપે મને વિમુખ શું કામ કર્યો ?"

મહારાજશ્રીએ સસ્મિત કહ્યું, " એ વાત સાચી કે તમે આ જન્મે તો અમારો કોઈ અપરાધ કર્યો નથી. પરંતુ ભાઇ ગયા જન્મનું પણ કોઈ આવરણ હોય તે તમે ન જાણો પણ અમે તો જાણીએને! હવે તે હટી ગયું. હવે તમે અમારા થઇ ગયા. "

આણંદજીના આનંદનો પાર ન રહ્યો. ઘરે જતાં જ એમણે એમનાં પત્નીને બધી વાત કરી. એમનાં પત્ની પણ રાજી થયાં. એમને એમના પતિની સચ્ચાઇની ખાત્રી થઇ ને શ્રીજી મહારાજની મોટાઇ એમના મનમાં વસી ગઇ.

એ રાતે જ એમને સ્વપ્ન આવ્યું કે શ્રીજી મહારાજ એમને ત્યાં પધાર્યા છે ને એમની પાસે પીવાનું પાણી માગે છે.

સવારે ઊઠી એમણે જ સામેથી એમના પતિને કહ્યું, "ચાલો શ્રીજી મહારાજના દર્શને નથી જવું ? આજે હુંય તમારી સાથે આવું છું."

આણંદજીનો તો આનંદ ઓર વધી ગયો. એમને મહારાજશ્રીની અતિ કરુણાનું આ ફળ જ લાગ્યું.

બે સુંદર માળાઓ એમણે બીજે દિવસે સવારે મહારાજશ્રીના ગળામાં પહેરાવી, ત્યારે એમણે કહ્યું, "આવો આણંદજી." કોકના સંસ્કાર વહેલા જાગે તો વહેલા સત્સંગી થાય, તો કોકના મોડા જાગે. પણ જીવ સારો હોય, તો વહેલા મોડા જાગે ખરા જ. આજે તમે સાચા અર્થમાં આણંદજી થયા; નહિ વારુ !"

"પ્રભુ, પણ આપે મારી ભારે કસોટી કરી. કોઇ પ્રેમી ભક્તની એવી ના કરતા, એ જ માગું છું."

ને મંદિરના પટાંગણમાં આવેલા આંબા ઉપર બેઠેલી કોયલ ટહૂકી ઊઠી. ને બાજુના તળાવ પરથી વાતા પવનની શીતળ લહેરે વાતાવરણને ઠંડક અર્પી સહુનાં હૈયાને ઠંડાં કર્યાં.



# શ્રી રામકૃષ્ણદેવની સાધના

મુક્ત અનુવાદ–નારાયણ હ. જાની

શ્રી મથુરબાબુને રામકૃષ્ણમાં ખૂબ શ્રદ્ધા હતી. તેમની આ શ્રદ્ધાના બદલામાં તેમને એક અદ્‌ભુત દર્શનની પ્રાપ્તિ થઇ. એક દિવસ રામકૃષ્ણ પોતાના ઓરડાની બહારના ભાગમાં સંગીત ટાવરની સામે આવેલ ઓસરીમાં લટાર મારી રહ્યા હતા. તે વખતે શ્રી મથુરબાબુ કોઠીના મકાનમાં એકલા બેઠેલા હતા. આ કોઠીની બારીમાંથી તેઓ શ્રી રામકૃષ્ણને લટાર મારતા જોઇ શકતા હતા. તે વખતે તેઓ ઊંડા ધ્યાનની અવસ્થામાં હતા. તેમ જ કોઇ તેમને જોઇ રહ્યું છે કે કેમ તે અંગે તદ્દન બેધ્યાન હતા.

તે વખતે, અચાનક મથુરબાબુ કોઠીમાંથી બહાર દોડી આવી શ્રી રામકૃષ્ણના ચરણોમાં પડી ગયા; એટલું જ નહિ પરંતુ તેમનાં ચરણો પકડી ખૂબ રડવા લાગ્યા.

આથી રામકૃષ્ણ તેમની ધ્યાનાવસ્થામાંથી એકદમ ચમકીને ભાવમાં આવી ગયા. મથુરબાબુના આવા વર્તનથી એમને આશ્ચર્ય ને મૂંઝવણ થઈ. જોકે રાણી રાસમણિ અને મથુરબાબુ બન્ને શ્રી રામકૃષ્ણ તરફ ખૂબ પૂજ્યભાવ રાખતાં એટલું જ નહિ પરંતુ ધાર્મિક બાબતમાં તેમની સલાહ પણ લેતાં. આમ છતાં ગામડામાંથી આવતા યુવાનને એક અતિ ધનવાન વ્યક્તિ તરફ જેવો આદર થાય શ્રી રામકૃષ્ણ મથુરબાબુ પ્રત્યે ધરાવતા. વધારામાં તેઓ તેમના પાલક અને રક્ષક બન્ને હતા. આથી એમણે મથુરબાબુને સાશ્ચર્ય પૂછ્યું, "અરે, તમે આ શું કરો છો ? તમે તો એક શ્રીમંત ગૃહસ્થ

ને રાણી રાસમણિના જમાઇ છો. તમોને કોઇ આ પ્રમાણે વર્તન કરતા જુએ, તો લોકો શું કહેશે ! શાંત થાઓ ને મહેરબાની કરી ઊભા થઇ જાઓ." આમ છતાં થોડા સમય સુધી મથુરબાબુ પોતાનું રૂદન રોકી શકયા નહિ. આખરે સ્વસ્થ થઇને પોતાના આવા વર્તનનો ખુલાસો કરતા કહેવા લાગ્યા: "ગુરુદેવ, આપઓસરીમાં હમણાં આંટા મારી રહ્યા હતા તે હું જોઇ રહ્યો હતો. ત્યારે આપ જેવા મારી તરફ ફરતા કે આપને સ્થાને હું મા જગદંબાને જોતો કે જે દક્ષિણેશ્વરના મંદિરમાં વિરાજે છે; અને આપ જેવા મારી તરફ પીઠ ફેરવી ઊલટી દિશામાં ચાલવા લાગતા કે તમે ભગવાન શંકર રૂપે મને દેખાતા. પ્રથમ તો મારી આંખો આ ના માની શકી. એટલે મેં તેમને ચોળી જોઇ અને પછી ફરી આપની તરફ જોયું. ત્યારે પણ ઉપર પ્રમાણે જ મને દેખાયું મેં આમ વારંવાર જોયા કર્યું પરંતુ દર વખતે મને એ પ્રમાણે દેખાતું રહ્યું."

પાછળથી આ ઘટનાનો ઉલ્લેખ કરતાં શ્રી રામકૃષ્ણ કહેતા કે "તે સમયે મને શું થઇ રહ્યુ છે એનું મને ભાન ન હતું. મને એની કોઇ ખબર જ નથી. પણ મારી આ વાત હું મથુરબાબુને કેમે કરી સમજાવી ન શકયો. મને એ ભય હતો કે આ આખી વાત જાણીને કોઇ રાણી રાસમણિને કહી દે, તો તે મારા વિષે શું ધારે ? એમણે કદાચ કહ્યું હોત કે મેં મથુરબાબુ ઉપર કોઈ જાદુ કર્યો છે."

એ વર્ષના શિયાળામાં રાણી રાસમણિ ભારે માંદગીમાં પટકાઈ પડ્યાં. એમને તાવ સાથે મરડો થયો હતો. જ્યારે એમને ખાત્રી થઇ ગઇ કે હવે તેમના જીવનનો અંત નજીક આવી રહ્યો છે, ત્યારે તેઓ દક્ષિણેશ્વર મંદિરની મિલકતની



સોંપણી કરતો અધિકારપત્ર તૈયાર કરી નાખવા અધીરાં બન્યાં. એ પાછળનો એમનો એક માત્ર હેતુ મંદિરની પૂજા સેવા અવસાન પછી વ્યવસ્થિત થતી રહે તેની ખાતરી કરી લેવાનો હતો. આ પ્રકારનું આખરી વસિયતનામું કદી થઇ શક્યું નહિ, કારણ કે એ કરવા માટે રાણી રાસમણિને તેની બે જીવંત પુત્રીઓની સહીઓ લેવાની હતી કે જેથી તેઓ દક્ષિણેશ્વરની સ્થાવર મિલકત ઉપર પોતાનો હક જતો કરે. નાની પુત્રીએ વસિયતનામા ઉપર સહી કરી આપી, પરંતુ મોટી પુત્રી પદ્માવતીએ સહી કરી આપવાની ના પાડી. આથી રાસમણિને તેના અંતિમ દિવસોમાં ભારે દુઃખ થયું. એ દુઃખ એટલું બધું ભારે હતું કે મૃત્યુશય્યા પર પડેલાં રાણી રાસમણિને મા જગદંબાએ દર્શન આપ્યાં તોપણ પુરેપુરું સુખ ના અનુભવી શકયાં. પોતાની આસપાસ દીવાઓ પ્રકટાવેલા જોઇને, તેઓએ બિન જરૂરી છે એમ કહી ખસેડી લેવા જણાવ્યું, કારણ કે મા જગદંબાના આગમનનો પ્રકાશ એકદમ જાજવલ્યમાન હતો. તેઓના મુખમાંથી આશ્ચર્ય સાથે ઉદ્ગાર નીકળી ગયા કે હે મા, તમે આવી ગયાં ! પછી થોડી ક્ષણો થંભી જઇ ખેદપૂર્વક બોલ્યાં કે "પદ્માએ સહી નથી કરી; મા, હવે શું થશે ?" રાણીના આ છેલ્લા ઉદ્ગારો હતા. આ મહાન ભકતની જિંદગી એના કારણે જ જાણે કે ટુંકી થઈ, કારણ કે તેઓ જીવનભર સંપત્તિ અને દુન્યવી બાબતોની ચિન્તાથી ભાગ્યે જ મુકત રહી શકયાં. બિચારાં રાણીનો આ ભય સાચોસાચ સકારણ હતો; કારણ કે દક્ષિણેશ્વરની મિલકત અનેકવાર કૌટુમ્બિક સભ્યોના ઝઘડાઓને લીધે પ્રારંભથી આજ દિન સુધી અદાલતના કેસોનો ભોગ બની છે.

રાણી રાસમણિનો સ્વર્ગવાસ તા. ૨૦ ફેબ્રુ. ૧૮૬૧ના રોજ થયો. તે પછી મથુરબાબુ તેમની સર્વ મિલકતના એક માત્ર વહીવટદાર બન્યા. પરંતુ આટલી વિપુલ સંપત્તિ ને પ્રતિષ્ઠાએ તેમને જરાય ભૌતિકવાદી બનાવ્યા નહિ. જ્યારથી મથુરબાબુને રામકૃષ્ણમાં મા જગદંબા તેમ જ શંકરનાં દર્શન થયાં, ત્યારથી એમની શ્રી રામકૃષ્ણમાંની શ્રદ્ધા ખૂબ દૃઢ બની ગઇ હતી. ત્યારથી શ્રી રામકૃષ્ણની તેઓ બનતા બધા પ્રકારે સેવા કરવા લાગ્યા. તેઓ શ્રી રામકૃષ્ણને કહેતા : આ બધું આપનું જ છે. હું તો કેવળ આપનો સેવક જ છું. જો એમને અનુમતિ આપવામાં આવી હોત તો સાચેસાચ તેમણે શ્રી રામકૃષ્ણને સારી એવી સંપત્તિ આપી હોત પરંતુ આવા કોઈ ઉલ્લેખ માત્રથી રામકૃષ્ણ નારાજ થઇ જતા ને તેમને સખ્ત ઠપકો આપતા. એથી મથુરબાબુ માટે રામકૃષ્ણને ગમતી બાબતોમાં પૈસા ખર્ચી સેવા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો. એનાથી જ એમને સંતોષ માનવો પડતો. આથી જ્યારે ત્યાં કોઈ પંડિતો કે પૂજનીય લોકો આવતા ત્યારે મથુરબાબુ છુટા હાથે ભેટો આપતા. તે ઉપરાંત, ગરીબ લોકોને તેઓ ઉદારતાથી ને મોકળા મને ખવડાવતા. વળી તેઓએ મંદિરની ત્રિપુરાસુંદરીની મૂર્તિ માટે સુંદર સોનાનાં ઘરેણાં પણ ખરીદ્યાં. વળી શ્રી રામકૃષ્ણ જ્યારે કોઇ ધાર્મિક ઉત્સવમાં કે મેળામાં જવાની ઇચ્છા કરતા, ત્યારે તેઓને માટે શ્રી મથુરબાબુ ખૂબ છૂપાવેશે અંગરક્ષક સાથે એમની પાછળ પાછળ ચાલતા. એ પાછળનો એમનો હેતુ ભીડમાં રામકૃષ્ણને કોઇ પ્રકારની ઇજા ન થઇ જાય તે જોવાનો હતો.

(શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)



## રે મન !

રે મન! માનિની-માયા મોડ.
મનમોહન નટવર નાગર શું
ચંચલ ચિત્તને જોડ...રે મન !...

રાગ-સરોવર જે છલકાતાં,
અધર સુધારસથી મલકાતા,
કનક-કલશ આસવ-મદમાતા :
મોહદશામાં અમૃત-વલ્લરી
અન્તે વિષના છોડ...રે મન !....

તૃણ-ઢાંક્યો આ તો મૃત્યુ-કૂપ,
ત્વચા-મઢ્યું કેવલ કૈતવરૂપ !
ચતુરા-ચણોઠી-સત્ય સ્વરૂપ :
મનહર ઉપર, વિષમય અંતર
હાલાહલના કોડ?...રે મન !...

એનો રાગ શું સાન્ધ્ય-ગગનનો,
ઉદધિ કેરા તરંગ માનો.
વિહ્વલ! મધલાળે વ્હેવાનો?
તું શમશે પણ એ ના શમશે
વજ્રલેપને તોડ...રે મન !...

મનમોહન નટવર નાગર શું
ચંચલ ચિત્તને જોડ...રે મન !...

રણજિત પટેલ (અનામી)

## " ગુણલા ગોવિંદના ગાઓ ! "

શ્યામસુંદરને તમે મનમાં વસાવો ! (૨)
મનમાં વસાવો હરિને, તનમાં વસાવો;
ગુણલા ગોવિંદના ગાઓ !
યોગેશ્વરજીને શરણે સદાયે રહીને (૨)
જીવનમાં અધ્યાત્મની જ્યોતિ જગાવો;
ગુણલા ગોવિંદના ગાઓ !
કામ-ક્રોધનાં જાળાં નિર્મૂળ કરીને (૨)
જ્ઞાન-ગંગામાં સ્નેહે નિશદિન ન્હાવો;
ગુણલા ગોવિંદના ગાઓ !
ભક્તિની શક્તિ વડે આસક્તિ હણીને (૨)
મનને માયા-બંધનથી મુક્ત બનાવો;
ગુણલા ગોવિંદના ગાઓ !
શરણું યોગેશ્વરજીનું સાચું જગતમાં (૨)
દીન બનીને પ્રભુને શરણે તો જાઓ;
ગુણલા ગોવિંદના ગાઓ !
' જગદીશ ' માનવ-જીવન દિવ્ય બનાવો (૨)
સત્ય-સૌરભ જગમાં સઘળે ફેલાવો;
ગુણલા ગોવિંદના ગાઓ !

—જગદીશચંદ્ર એસ. આચાર્ય ( સત્યસ્નેહી )

—*—



# પરમચેતનાની અભિવ્યક્તિ

ભાઈલાલભાઈ છાટબાર

**સુષુપ્ત ચેતના:** પ્રકાશમય પૂર્ણ જીવન જીવવું એ પ્રત્યેક વ્યક્તિના હાથની વાત છે. આંતરૂપ્રેરણા આપતી ચૈતન્ય-શક્તિ કે જે બાહ્યમનના વ્યાપારોની પારના પ્રદેશમાં રહેલી છે, તે શક્તિની ઉચ્ચતમ કક્ષાની પ્રાપ્તિ પ્રકાશમય જીવન તરફ લઈ જાય છે. આંતરૂપ્રેરણા આપનાર આ શક્તિ સુષુપ્ત સ્વરૂપે પ્રત્યેક વ્યક્તિના અંતરતમમાં રહેલી છે. આ શક્તિનો સર્વોત્તમ વિકાસ અંતિમ લક્ષ્યબિન્દુ 'સ્વ'ના બોધ તરફ લઇ જાય છે. વ્યક્તિગત ચેતના પરમચેતનામાં પ્રવેશ પામે અને 'સ્વ'નો બોધ લઇ આવે એટલે પછી 'પરમચેતના' સ્વયં, પોતાનામાં પ્રવેશ પામેલ-માધ્યમ સ્વરૂપ-તે વ્યક્તિ દ્વારા અભિવ્યક્ત થતી રહે છે.

**બુદ્ધિ અને તર્ક મંડિત માહિતીજ્ઞાન:** તત્ત્વજ્ઞાનના અભ્યાસ દ્વારા અંકિત થતી માનસિક ભૂમિકા સ્વયં પોતાનામાં સંપૂર્ણ નથી. મનુષ્ય બુદ્ધિગમ્ય તત્ત્વજ્ઞાનથી ભલે પરિચિત થાય પરંતુ તેણે સમ્યગ્ ધ્યાનના માધ્યમથી આંતર્-યાત્રા કરતાં કરતાં એવી આંતરિક તૈયારી પર પહોંચવાનું રહે છે કે તેની છઠ્ઠી ઇન્દ્રિય (Sixth sense) જ્ઞાનલોચન ખૂલી જઇ કાર્યરત બની રહે. મનુષ્યે આંતરૂચેતનામાં ઊંડા ઊતરી આત્મખોજ કરતાં કરતાં આંતરૂઅવકાશયાત્રા (Inner space travel) માં આગળ વધવાનું છે; અને કોઈક ધન્ય ઘડીએ આંતરૂચેતનાના તારનું વિશ્વચેતના સાથે અનુસંધાન થઇ જતાં, મનુષ્યની વ્યક્તિગત આત્મચેતનામાં સુષુપ્ત પડેલી અસાધારણ શક્તિઓ જાગી ઊઠે છે.

મનુષ્યે બુદ્ધિ અને તર્કનાં વમળોની પારના પ્રદેશમાં પહોંચવાનું છે અને સ્થળસમયાતીત જ્ઞાન માટે આત્મચેતનાના પ્રદેશમાં ડૂબકી મારવાની છે. સ્થૂળ અહમ્ અને આસક્તિયુક્ત મમતાનો નાશ કર્યા વિના અજવાળું થતું નથી.

**વ્યક્તિગત ચેતના-વિશ્વચૈતન્ય વચ્ચે સામ્યઃ** મનુષ્યને પાંચ જ્ઞાનેન્દ્રિય અને મન મળેલ છે. મનુષ્ય આ મન–જ્ઞાનેન્દ્રિયરૂપી ઉપકરણોનો માત્ર પચીશ પ્રતિશત જેટલો અતિ જૂજ ઉપયોગ કરે છે. સભાનપણે જીવનાર મનુષ્ય પણ આમ મનની અમાપ શક્તિઓના થોડાએક અંશનો જ ઉપયોગ કરતો હોય છે. મનનો સંપૂર્ણ સો પ્રતિશત ઉપયોગ અમલી બને તેટલો વિકાસ થાય છે ત્યારે વ્યક્તિગત આત્મચેતના અને વિશ્વચેતના વચ્ચેનો છૂટી ગયેલો દોર સંધાઇ જાય છે.

પ્રત્યેક વ્યક્તિની આત્મચેતના પરમચૈતન્યના એક અંશરૂપ હોવાથી, તેને તેની સાથે સંબંધ હોય છે. ચૈતન્ય વિશે અણુજાણ વ્યક્તિ પણ ચૈતન્યમાં રહેલી હોય છે અને ચૈતન્ય તેનામાં ધબકતું હોય છે. સાધકે અંતરતમમાં ઊંડા ઊતરી સંપર્ક સાધી વિશ્વચેતનામય થવાનું છે.

સર્વત્ર સૌમાં નિરંતર પળે પળે 'આત્મભાવ' નો અનુભવ થવા લાગે તેવી કક્ષાએ સાધક પહોંચી જાય ત્યારે 'ચૈતન્ય' સાથેનો એકાત્મભાવ સ્થાપિત થઇ ગયો હોય છે અને આત્મચેતના તથા વિશ્વચેતના વચ્ચેના ઐક્યની અનુભૂતિ મૂર્તસ્વરૂપ ધારણ કરે છે. આ અનુભૂતિ ચિરસ્થાયી અને શાશ્વત બની રહે ત્યારે સાધનાની પરિપૂર્ણતા થઇ કહેવાય.

**માનવમન-ચૈતન્ય બંને કાલાતીત અવકાશાતીતઃ** ધ્યાનસાધના દ્વારા મનને નિર્વિચાર અને અસ્મિતા રહિત



કરવાથી આત્મચેતના સાથે વિશ્વચેતનાનું અનુસંધાન પ્રાપ્ત થાય છે. મનુષ્યના મનરૂપી ઉપકરણને સમય, અવકાશ, કદ કે વજનની મર્યાદાઓ દખલ કરી શકતી નથી.

મનપ્રદેશમાં અવતરણ પામતા વિચારને—લંબાઇ, પહોળાઇ કે ઊંડાઇ જેવાં—કદના માપ હોતાં નથી. મનમાં જન્મ લેતી પૂર્વ પ્રસંગો કે પૂર્વપરિચિત વ્યક્તિઓની સ્મૃતિ સ્થળ સમયના બંધનથી મુક્ત હોય છે. મનનો વિહાર દેશાતીત અને કાલાતીત હોવાની પ્રતીતિ થાય છે.

વિશ્વચેતનાના કાર્યમાં અને ચેતનાસ્થિત (માધ્યમ સ્વરૂપ) વ્યક્તિ દ્વારા વ્યક્ત થતા કાર્યમાં 'સમય' કોઇ પણ પ્રકારે ભાગ ભજવી શકતો નથી. અઠવાડિયા પરના, વર્ષ પહેલાંના, શતક–જૂના કે હજાર વર્ષ પૂર્વેના પ્રસંગો વિશે પણ એકસમાન ઢબે વાત થઇ શકે છે કેમકે **ચૈતન્ય કાલાતીત અને અવકાશાતીત શાશ્વતી શક્તિ છે.** મનનું મૌન—અમનઅવસ્થા સિદ્ધ થતાં ધ્યાનાવસ્થામાં દિવ્યચેતના નવો વિચાર, ઊંડી સમજ કે પ્રકાશયુક્ત પ્રેરણા મોકલે છે. ધ્યાનાત્મસાત્ મનમાં ઊઠતા પ્રત્યેક વિચાર, સ્મૃતિ કે ઇચ્છાનું ચૈતન્યશક્તિના અનુસંધાને મૂલ્યાંકન કરવું જોઇએ.

**જ્ઞાનલોચનની જાગૃતિઃ** વ્યતિકગત ચેતના પાસે પણ વિશ્વચેતનાના અનંત ખજાનાની સમૃદ્ધિ રહેલી છે. વિશ્વચેતનાની માફક આ વ્યક્તિગત ચેતના પણ પ્રત્યેક પ્રકારની માહિતી અને જ્ઞાનવિજ્ઞાન પર સ્વામિત્વ ધરાવે છે. વ્યક્તિએ ગાઢ ધ્યાનની સઘન સાધના દ્વારા આ વ્યક્તિગત ચેતનાને જાગ્રત કરી, તેને પરમચેતનાની સમકક્ષ પરિપૂર્ણ અવસ્થાએ લઈ જવાની રહે છે.

માનવમનમાં અદ્‌ભુત શકિતઓ પડેલી છે. મનને પૂર્ણ-પણે વિકસિત કરી વિશ્વચેતનામય થવાનું છે. મનના બાહ્ય વ્યાપારો શાન્ત બની જાય અને આંતરમનનો પ્રદેશ ખૂલી જઇને આંતરચેતનામય બની જાય ત્યારે મન વિશ્વચેતનાને દ્વારે જઇને ઊભું રહે છે.

મન-ઇન્દ્રિયોની વિકસિત શકિતઓ સો પ્રતિશત કક્ષાએ પહોંચી જતાં, આવેશમય વૃત્તિ-પ્રવૃત્તિઓ શાન્ત થઈ ગઈ હોય છે. પ્રગાઢ ધ્યાનમાં ડૂબતાં, મન અ-મન બનતાં, ઇન્દ્રિયાતીત મનની પારના પ્રદેશમાં 'જ્ઞાનલોચન' જાગ્રત બની કામ કરવા લાગે છે.

જ્ઞાનલોચન રૂપી આ છઠ્ઠી ઇન્દ્રિયને મનના મૌન અને પ્રગાઢ ધ્યાન દ્વારા જાગ્રત કરવાનું શકય છે. વિશ્વચેતનામાં પ્રવેશ પામતાં, અતીન્દ્રિય દ્વાર ખૂલી જતાં, જ્ઞાનલોચન કાર્યરત બની રહે છે કેમકે વિશ્વચેતના સ્વયં પ્રજ્ઞાસ્વરૂપા છે.

**ચિદાકાશ અને સૂક્ષ્મ 'પૂર્ણ અહમ્':** સાત્ત્વિક વ્યકિતમાં રહેલો સર્વમંગળકારી સૂક્ષ્મ 'પૂર્ણ અહમ્' અપાર્થિવ તત્ત્વોનો અને ઊંચા પ્રકારના તરંગ-આંદોલનોનો બનેલો હોવાથી તેને ઈજા પહોંચતી નથી તેમજ તેનો નાશ પણ થતો નથી. છેવટે તો આ અહમ્‌ને પણ ઓગાળી દઈ સાધકે 'અહમ્ શૂન્ય' બનવું પડે છે.

નિર્વિચાર, અહમ્ શૂન્ય, અસ્મિતા રહિત મન અ-મન બની શકે છે. અમન-મનોનાશ-મનોલય સ્થિતિમાં જ સમ્યગ્-જ્ઞાન કે ઋતંભરા પ્રજ્ઞાનો ઉદય થાય છે. પ્રજ્ઞાના આવા ઉદયકાળે ચિદાકાશમાંથી બોધસ્વરૂપા વાણીનો ઉદ્‌ભવ થતો હોય છે કેમકે 'ચિદાકાશ' તેનું ઉદ્‌ગમસ્થાન છે.



**પરમચેતનાની વાણી:** અનંત ચિદાકાશમાંથી આવતી આવી બોધસ્વરૂપા વાણી કોઈ શરીરધારી દિવ્યમૂર્તિની વાણી હોઇ શકે છે, તે અશરીરી આકાશવાણી હોઇ શકે છે કે હૃદયમાંથી ઉત્પન્ન થયેલી ભાવવાણી હોઇ શકે છે—અથવા ગુરુસ્થાનેથી નીકળીને આવેલી આજ્ઞાસ્વરૂપ જ્ઞાનરૂપા-દિવ્યવાણી હોઇ શકે છે.

કોઇ પણ સ્વરૂપ-પ્રકારની અભિવ્યકિત આ વાણીની ભલે હોય પણ મૂળમાં તો તે એક પ્રજ્ઞાસ્વરૂપા વાણીજ હોય છે : અર્થાત્ પરમચેતનાની વાણી હોય છે. આ દિવ્ય વાણીશ્રવણની ક્ષમતા પ્રજ્ઞાપ્રાગટ્યનો સબળ સંકેત છે.

સંસારરૂપી સર્પના દંશથી ઘવાયેલા મનુષ્ય માટે પ્રભુનું નામસ્મરણ એક પ્રબળ અજોડ મંત્ર છે. પ્રભુ નામસ્મરણ એક અમૃત છે. જેનાથી અમૃતત્વ તથા શાશ્વત શાંતિની પ્રાપ્તિ થાય છે.

# મહર્ષિ શ્રી રમણદર્શન

( ભગવાન રમણ મહર્ષિ–ગ્રન્થના આધારે )

મૂળ લેખકઃ– પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

રજૂઆત : ઝિંઝુવાડિયા કનૈયાલાલ એમ.

પૂર્વભૂમિકાઃ–એક સત્સંગ પ્રેમી ભાઇએ ( જે મને સૌ પ્રથમ પ. પૂ. મહાત્મા શ્રી. યોગેશ્વરજીનાં પ્રવચનમાં જશોનાથ મહાદેવમાં લઇ ગએલ ) પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી રચિત ' ભગવાન રમણ મહર્ષિ ' વાંચવાની ભલામણ કરેલ. તેમનો એ ગ્રંથ માટે એટલો દૃઢ અભિપ્રાય હતો કે : ' તમને તે વાંચ્યા પછી બીજું કાંઇ વાંચવાની જરૂર જ નહિ લાગે. ' ત્યારથી તે ગ્રંથ મેળવવાની તાલાવેલી જાગી. ધ્યાનકેન્દ્રનાં પુસ્તકાલયમાં તે ગ્રંથ હતો પરંતુ તે મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત ન થયું.

થોડા સમય પહેલાં પશ્ચિમના લેખક શ્રી પોલબ્રન્ટનનું ' એ સર્ચ ઇન સિક્રેટ ઇન્ડિયા ' વાંચ્યું. ગુજરાતી અનુવાદ મહાત્મા શ્રી યોગેશ્વરજીનો હોવા છતાં મને કાંઇ સંતોષ ન થયો.

' ધ્યાનકેન્દ્ર ' માં એકવાર શ્રી બાલુભાઇને તે પુસ્તક વિષે કહેલ. તેમણે જણાવેલ કે ' મારી પાસે છે ખરું પરંતુ હાલ એક ભાઇને વાંચવા માટે આપેલ છે, તે આવશે એટલે જરૂર આપીશ. ' તેથી સંતોષ થયો. આશા બંધાણી કે તે પુસ્તક વાંચવાનું અહોભાગ્ય પ્રાપ્ત થશે ખરું.

એક દિવસ અચાનક જ એક ભાઇએ મને જણાવ્યું કે : " મહાત્માજીનું લખેલ ' ભગવાન રમણ મહર્ષિ ' મારી પાસે આવ્યું છે. " મેં તેમને વાંચી લીધા પછી મને આપવા



જણાવ્યું. તે રીતે કોઇ જ પ્રયત્ન વગર અચાનક જ તે પુસ્તક મારી પાસે આવ્યું. મારી તાલાવેલીનો અંત આવ્યો.

આ પુસ્તક વાંચ્યા પહેલાં હું શ્રી રમણ મહર્ષિ વિશે કશું જ જાણતો ન હતો. એટલી જ ખબર હતી કે દક્ષિણમાં શ્રી રમણ મહર્ષિ નામે એક મહાન સંત થઈ ગયા.

આ અદ્ભૂત ગ્રંથ વાંચ્યા પછી મને એમ થયું કે આ ક્ષેત્રમાં નવ પ્રવેશ પામેલ મારાં જેવા ઘણાં પથગામી હશે જે કદાચ મારી જેમ મહર્ષિના જીવન વિષે ન પણ જાણતાં હોય. તો એવાં સાધકોને મહર્ષિ વિષે કાંઇક જાણવા મળે અને મહર્ષિની ઝાંખી થાય તે આશયથી આ વિષય ઉપર લખવા વિચાર્યું.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ એક હજાર ઉપરાંત પાનાંનો આ ગ્રંથ લખી મહાન સમાજ સેવા કરી છે. આ માટે લેખન સામગ્રી એકઠી કરવામાં તેમને કેટલો બધો પરિશ્રમ પડયો હશે ? મહર્ષિ વિષે તેમનો અનુરાગ કેટલો હશે તે વિચાર માંગી લે છે.

આ લેખમાળા મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં પુસ્તકનો સીધો ઉતારો છે. એમાં મારું કાંઈ પણ સ્વતંત્ર બુદ્ધિચાતુર્ય નથી, આ પહેલાં કદિ લખ્યું નથી, લખતા આવડતું પણ નથી. મારો સ્વતંત્ર પ્રયત્ન ફક્ત એટલો જ છે, કે આવડા મોટા ગ્રંથમાંથી જુદી જુદી જગ્યાએ આવેલ એક જ જાતના અનુરૂપ પ્રસંગોને એક સાથે વણી લીધા છે.

મહર્ષિનાં જીવન વૃતાંત ઉપરાંત આ પુસ્તકનું જે ઉજ્જવળ પાસું છે, તે છે કોઇ પણ વિષયને અનુરૂપ આગળ પાછળ મહાત્માશ્રીએ કરેલ વિવરણ. એક એક વાકય સુવર્ણ

વાકય. પહેલાં વિચારેલ કે અમુક અમુક પ્રસંગ લઇ લેવો. છોડવા જેવું લાગે તે છોડી દેવું. પરંતુ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ રચના જ કોઇ એવી રીતે કરી છે કે કાંઇ છોડી શકાય જ નહીં. છતાં કોઇ કોઇ જગ્યાએ થોડું ટુંકાવ્યું છે. તો કોઈ કોઇ પ્રસંગ અક્ષરશઃ લખવો પડયો છે.

આ પુસ્તકની કાંઇ કિંમત આંકી શકાય તેમ નથી. કિંમત આંકવા માટે ભાષામાં જો કોઇ શબ્દ હોય તો " અદ્‌ભુત " શબ્દ સિવાય અન્ય હોઇ શકે નહિ.

પ. પૂ. મહાત્મા શ્રી રચિત આ એક હજાર ઉપરાંત પાનાંના ગ્રંથમાંથી લીધેલ મહર્ષિ શ્રી રમણને સ્પર્શતા પ્રસંગો વહેતી ગંગામાંથી કેવળ આચમન લેવા બરાબર છે.

ફરીથી યાદ દેવરાવું છું કે આ ઝવેરાત પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી સ્થાપિત "ભગવાન શ્રી રમણ મહર્ષિ" નામની ઝવેરાતની દુકાનમાંથી ખરીદેલ છે. મારું પોતાનું આમાં કાંઈ જ નથી.

આ સાથે આ અમૂલ્ય ગ્રંથ વાંચ્યા પછી મને જે રીતે મહર્ષિ રમણનું જીવન-દર્શન થયું, હું જે કાંઈ સમજી શકયો તે મારી અલ્પબુદ્ધિ મુજબ શ્રી રમણ મહર્ષિ તથા તેમનાં જીવન વૃતાંતને જગતને ભેટ કરનાર પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં **શ્રી** ચરણોમાં, મા શારદા તથા શ્રી ગણેશનું સ્મરણ કરીને રજૂ કરવાની હિંમત કરી નમ્ર પ્રયાસ કરી રહ્યો છું.

## જન્મ ને શૈશવ

શ્રી. રમણ મહર્ષિનો જન્મ મદુરાથી ત્રીસેક માઇલ દૂર આવેલા તિરુચ્ચુલી ગામમાં ઈ. સ. ૧૮૭૯ ના ડીસેમ્બરની



તીસમી તારીખે એક ઝુંપડી જેવા સાધારણ ઘરમાં સાધારણ સ્થિતિવાળા છતાં સુસંસ્કારયુકત માતાપિતા ને ત્યાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી સુંદરમય્યર તથા માતાનું નામ અલઘામ્માલ હતુ. તેમનું અસલ નામ વેંકટરામન હતું.

ભારતના સાંપ્રતકાળમાં સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસદેવ, સ્વામી રામતીર્થ, યોગાનંદ, તિલક, ટાગોર મહાયોગી અરવિંદ, મહાત્મા ગાંધીજી તથા રમણ મહર્ષિ જેવા જ્યોર્તિધરોનું ઋષિ મુનિઓની આ પવિત્ર ભારતભૂમિ પર અવતરણ થયું. તેમાં રમણ મહર્ષિએ પોતાની આગવી પ્રતિભા વડે એક જાજવલ્યમાન પ્રકાશપુંજની પેઠે જગતને પ્રકાશ પૂરો પાડી મહાન સમાજ સેવા કરી, પ્રભુ પરાયણ માર્ગે આગળ વધવા ઇચ્છતા અનેક સાધકોને આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું, અને અનેક કૃપા પાત્ર ભકતોને સહાયભૂત થયા, અનેક ઉપર કૃપાનો વરસાદ વરસાવ્યો.

તેઓ પૂર્વજન્મના કોઈ યોગભ્રષ્ટ કે પછી લોક કલ્યાણની કામનાવાળા મુકત ને પૂર્ણ પુરુષે સ્વેચ્છાવતાર ધારણ કર્યો તે નિશ્ચિત કરવાનું કશું સાધન કોઇની પાસે ન હતું. પરંતુ એટલું તો ચોક્કસ કે તેમનો આવિર્ભાવ અનેક અવિદ્યાયુકત આત્માઓને પ્રેરણા પૂરી પાડવા, પંચ ભૂતની કાયામાં જે 'હુ" રૂપી ચૈતન્ય તત્ત્વ છે તેને ઓળખી શાશ્વત સુખ પામવાના પથપ્રદર્શક તરીકે અને જગતને આધ્યાત્મવાદનાં પથ પર આગળ વધવા પ્રકાશ પૂરો પાડવા માટે થયો હતો. તેઓએ અનેક મુમુક્ષુઓનાં જીવનને પ્રકાશ પૂરો પાડી ધન્ય બનાવ્યાં.

શૈશવ કાળમાં તેઓ ખૂબ જ શાંતિપ્રિય હતા. બીજા બાળકોની જેમ તોફાને ન ચઢતા. શાંતિથી એક બાજુ બેસી

રહેતા. પ્રકૃતિ ગંભીર હતી. પરંતુ સ્મરણ શકિત ખૂબ જ તીવ્ર હોવાને લીધે વાંચેલું એમને તરત જ યાદ રહી જતું. વારંવાર વાંચવું, રટવું કે ગોખવું ના પડતું. બુદ્ધિ ઘણી કુશાગ્ર હતી તેથી ઘેર અધ્યયન ના કરવા છતાં પોતાના સહ-પાઠીઓની પાસેથી સાંભળેલા પાઠોને યાદ કરીને એ એમનાથી આગળ વધી જતા.

તેઓશ્રીને રમતગમતનો શોખ હતો. એમાં એ સૌની આગળ રહેતા. કુસ્તી, દંડ, બેઠક તેમજ તરવામાં એમને વિશેષ આનંદ આવતો. વ્યાયામપ્રિય પ્રકૃતિને લીધે એમનું શરીર સ્વસ્થ ને સુદૃઢ બની ગયેલ.

તેઓ પહેલેથી જ મિતભાષી હતા. ગંભીર સ્વભાવના હોવાથી એ મિત્રો સાથે વિશેષ હળતા-મળતા નહિ હોવાથી એમના હૃદયની કોઇને ખબર ના પડતી.

એ દિવસોની એમની અન્ય વિલક્ષણતા પણ જાણવા જેવી છે. તેઓ એકદમ જલદી જોતજોતામાં નિદ્રાધીન બની જતા. નિદ્રા લેતા પણ ઘણી. તેમના મિત્રો કેટલીક વાર તેમને ઘરની બહાર જુદે જુદે ઠેકાણે લઈ જતા તો પણ તેમને તેની ખબર ના પડતી. તેમના માયાળુ મિત્રોને જ નહિ પરંતુ મોટેરાંઓને પણ એ જોઇને આશ્ચર્ય થતું.

ગાઢ નિદ્રામાં એ બીજા કુંભકર્ણ જેવા બની જતા. એવી ગાઢ નિદ્રા એમને વર્તમાન જન્મમાં જાણે કે વારસામાં મળેલી. એ જ્યારે બારેક વરસની વયના હતા ત્યારે એક દિવસ એમને ઘરમાં એકલા મૂકીને સૌ મંદિરમાં ગયા. ઘરવાળાએ પાછાં આવીને બારણાં ખખડાવ્યાં ને બૂમો પાડી પણ કશું જ ના વળ્યું. ગાઢ નિદ્રામાં સૂતેલા વેંકટરામન જાગ્યા જ નહિ ત્યારે



દિવાલ પરથી કૂદીને અંદર જઇને બારણાં ઉઘાડવામાં આવ્યાં. એ પછી બીજા બધાંએ ઘરમાં પ્રવેશીને એમને મહા પ્રયાસે જગાડ્યા ત્યારે જ એ જાગી શકયા.

એમની એ પ્રગાઢ નિદ્રાને લીધે કેટલીક વાર એમના વિરોધીઓ એમને ઊંઘમાં ને ઊંઘમાં દૂર લઇ જતા ને એમને મારપીટ કરીને પથારીપર મૂકી જતા. આવા કરુણ બનાવો પણ બનતા.

એ અવસ્થા નિદ્રાની હતી કે પ્રબળ પૂર્વ સંસ્કારના પરિણામ સ્વરૂપ સ્વાભાવિક રીતે જ સાંપડનારી યોગનિદ્રાની, એની ખબર સામાન્ય માનવીને શી રીતે પડી શકે ? એમની એ વખતની નિદ્રાવસ્થા એમના જન્માંતરના અસાધારણ સમાધિયોગમાં પ્રતિષ્ઠિત થવાની ભૂમિકારૂપ હશે એવું અનુ-માન અત્યારે સહેલાઇથી કરી શકાય છે. પોતાના પાછલા જીવનમાં એ એવી રીતે અતીન્દ્રિય પ્રદેશમાં પ્રવેશીને કલાકો લગી આત્મામાં અવગાહન કરી શકતા એ હકીકત હવે તો લગભગ સર્વવિદિત છે.

—※—

ઉન્નત આધ્યાત્મિક જ્ઞાન જ્યાં મળતું હોય ત્યાં જાઓ. તેથી તમને આધ્યાત્મિક બળ પ્રાપ્ત થશે.

જે વ્રત લો તે બરાબર પાળો. આંતરિક તેમ જ બાહ્ય પ્રકૃતિ પર વિજય મેળવો. તામસિક વૃત્તિવાળી અજ્ઞાન શક્તિઓને જપ અને ધ્યાનની મદદથી જીતો.

# સત્સંગ

હનુમાન પ્રસાદ પોદ્દાર.
અનુ : ભાગીરથી મહેતા

જ્યાં દવાખાનાં અને વૈદ્ય ડોકટર વધારે છે, ત્યાં સમજી લો કે ત્યાંના લોકોનું શારીરિક પતન થઈ ચૂક્યું છે. જ્યાં વકીલ ઝાઝા હોય અને કચેરીમાં ભીડ થતી હોય, ત્યાં સમજો કે ત્યાંના લોકોની ઇમાનદારી પ્રાયઃ નષ્ટ થઇ ચૂકી છે. જ્યાં ગંદુ સાહિત્ય વેચાતું હોય ત્યાં સમજો કે ત્યાંના લોકોનું નૈતિક પતન થઇ ચૂક્યું છે.

કેવળ દવા અને દવાખાનાથી રોગોનો સમૂળગો નાશ થતો નથી. રોગોનો સમૂળગો નાશ તો ઇન્દ્રિય સંયમ અને મનની શુદ્ધિ થવાથી થાય છે. ઇન્દ્રિય સંયમ અને મનશુદ્ધિ એવી દવા છે કે તેનાથી શારીરિક સ્વાસ્થ્ય તો મળે છે, પરંતુ પારમાર્થિક સ્વાસ્થ્ય પણ પ્રાપ્ત થાય છે. એટલે કે ઇન્દ્રિયોને વશમાં કરવાનો અને મનને શુદ્ધ કરવાનો નિરંતર યત્ન કરતા રહો.

સત્સંગથી ઇન્દ્રિય સંયમ અને મનની શુદ્ધિ થાય છે. માટે કુસંગનો ત્યાગ કરી, સત્સંગનું સેવન કરો.

ભગવાનનો પ્રેમ પ્રાપ્ત કરવો તે જ મનુષ્યજીવનનો મુખ્ય ઉદ્દેશ છે, તે વાતનું સતત સ્મરણ રાખવું જોઇએ. ભગવત પ્રેમપ્રાપ્તિ ભગવત કૃપાથી જ થાય છે. કોઈ સાધનથી થતી નથી.

*——*



# જ્ઞાન અને ભક્તિની ગંગાયમુના

લેખક:–પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )

માનવજીવનનું સાફલ્ય પરમાત્મપ્રાપ્તિમાં બ્રહ્મસાક્ષાત્કારમાં છે. અને તે દિશામાં પ્રયાણ–પ્રગતિ કરવાની પ્રેરણા–શક્તિનું જે પ્રદાન કરે તે જ સાચો ધર્મ. તેથી જ તૈત્તરીય ઉપનિષદે એ પરમ સત્ય સ્વરૂપ ધર્મથી પ્રમાદ ન કરવાનો અનુરોધ કર્યો છે. આ સત્ય ધર્મના સાક્ષાત્કારને પામવા માટેનાં પૃથક્ પૃથક્ અને યુગવત્ એવાં અનેક અનુભૂત સાધનો માર્ગો, તેનાં શાસ્ત્રો અને વાર્તિકો રચાયાં. એ સર્વ વિવિધ સાધનોનો સુજ્ઞ ચિંતકો એ 'ભક્તિ' અને 'જ્ઞાન' એવી બે વ્યાપક સંજ્ઞાઓમાં સમાવેશ કરેલો છે. કારણ કે એ પ્રત્યેક સાધને ન્યૂનાધિક અંશમાં આ બે તત્ત્વોની ઉપકારકતા અનિવાર્યપણે સ્વીકારેલી છે જ.

દરેક સૈકામાં આ બંને તત્ત્વોની વ્યાખ્યા વ્યુત્પત્તિ વગેરે વિષે મતાન્તરો પ્રવર્તતાં તેઓ જાણે ઉત્તરદક્ષિણ ધ્રુવનાં છેડા જેવા પરસ્પરવિરોધી હોય એવાં ચિત્રો ઉપસાવવામાં આવ્યાં હોય છે. અલબત્ત એમાં કારણરૂપે તો મુખ્યત્વે સ્વપક્ષ–મત માટેનો અભિનિવેશપૂર્વકનો અત્યાગ્રહ (દુરાગ્રહ ?) પરમત પ્રત્યેની ઓછી સહિષ્ણુતા કે કદીક વેગવતી ખંડનવૃત્તિ જ હોય છે. પરંતુ વિરલ એવા જ્ઞાની ભકતો કે ભક્ત જ્ઞાનીઓનું વલણ તો ઉભયને સમ્યક્ સમતોલ દૃષ્ટિથી જોઈ સમન્વય સાધવા તરફનું હોય છે. અનુભવી સંત મહાત્માઓને તો આ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી, કારણ કે તેઓએ તો તેમાં એક જ સમગ્ર તત્ત્વનાં બે પૂરક–પોષક પાસાંઓનું દર્શન કર્યું હોવાથી સાધન વિષેની ભેદબુદ્ધિનો લેશ

પણ સ્પર્શ તેમની વૃત્તિને થયો હોતો નથી.

બ્રહ્મતત્ત્વ વિશ્વાતીત છતાં વિશ્વરૂપ બનીને વિશ્વની વ્યવસ્થા અને એનું નિયમન કરે છે. વિશ્વાતીત દૃષ્ટિએ બ્રહ્મ જ્ઞેય સ્વરૂપ હોઈ, તે જ્ઞાન–સાધનથી કાંઈક સમજાય તેવું છે. અને એ સ્વરૂપની સૂઝ થવામાં સહાયભૂત જ્ઞાનશાસ્ત્ર છે. તો બ્રહ્મના વિશ્વમય વિભુવિચારની દૃષ્ટિએ વિશ્વવ્યાપક ઈશ્વર ભાવના દ્વારા કાંઈક અનુભવક્ષમ હોવાથી તે પરાભકિત વડે વિશ્વમાં સર્વત્ર અનુભવાય છે. એના ઉપાસ્ય સ્વરૂપની ઉપલબ્ધિ થવામાં ઉપકારક થતું ભકિતશાસ્ત્ર છે.

જ્ઞાનપ્રવણ મનાતો શાંકર સિદ્ધાંત કોઇ પણ રીતે ભકિતને હેય કે હીન ગણતો નથી. તેમાં દર્શાવ્યા પ્રમાણે નિર્ગુણ પરમાત્મારૂપે પરબ્રહ્મ જ્ઞેય તત્ત્વ છે અને સગુણ ઈશ્વરરૂપે અપર બ્રહ્મ ઉપાસ્ય તત્ત્વ છે. જ્ઞાનની સાધનસામગ્રીમાં આત્મ–સ્વ–સ્વરૂપાનુસંધાનરૂપ ભકિતને જ શ્રેષ્ઠ માની છે, એની પ્રતીતિ विवेकचूडामणिનાં નીચેનાં વિધાનોથી થાય છે.

ज्ञान साधन सामग्र्यां भक्तिरेव गरीयसी ।
आत्मरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ।
स्वस्वरूपानुसंधानं भक्तिरित्यपरे जगुः ।

પરમૈક સત્ય અન્તર્યામી પરમાત્મ સ્વરૂપનું અખંડાનુસંધાન તે ભક્તિ. એમાં જીવ–ઈશ્વરની સંનિકર્ષની અપેક્ષા રહેતી નથી. શ્રી શંકરાચાર્યના પરમ ગુરુ શ્રી ગૌડપાદાચાર્યજીએ તેનો अस्पर्शयोग નામથી નિર્દેશ કર્યો છે. ગીતાના ૭મા અધ્યાયમાં તેને જ 'સર્વાત્મયોગ' કહ્યો છે, અને એવા ભકત જ્ઞાનીને ભગવાને 'પોતાનો આત્મા' કહ્યો છે (૭–૧૮) આમ કલ્પિત જીવનો ભેદકાલે આત્મા કે જે સત્ય ઈશ્વરરૂપ છે તેના તરફનો જ્ઞાનપૂર્વકનો જે અખંડ યોગ બની રહે છે તે જ ભકિતયોગ છે. અને તે કલ્પિત જીવત્વના ભિન્ન અસ્તિત્વનો છેદ ઉડાડી



પરમ શિવત્વને પ્રકટ કરે છે. આચાર્યશ્રીનાં વચનોથી સ્પષ્ટ થાય છે કે ભકિતની પરાકાષ્ઠાએ સ્વ સ્વરૂપાનુભવનો ઉદય થવાથી સાધક સિદ્ધપદે સ્થિત થાય છે. કોઇ ભકિતને એકદેશી અને જ્ઞાનને સર્વદેશી કહે તો તેમાં કશું જ ખોટું નથી. षट्पदीમાં કેવું સુંદર કહ્યું છે.

सत्यमपि भेदागमे नाथ तवाहं न मामकीनस्त्वम् ।
सामुद्रो हि तरंग क्वचन समुद्रो न तारगः ।।२–८।।

જ્ઞાનમાર્ગનો વિમર્શ કરતાં ગીતામાં (૭–૧૯, ૮–૨૧) શ્રીકૃષ્ણને પણ કહેવું પડયું છે કે, કેવળ જ્ઞાનીને તો અવ્યક્ત અક્ષર બ્રહ્મ–પ્રભુધામની પ્રાપ્તિ થાય છે, અક્ષરથી પર પુરુષોત્તમની પ્રાપ્તિ થઇ શકતી નથી. તે માટે તેને ઠીકઠીક પ્રતીક્ષા કરવી પડે છે.

ભકિતમાર્તંડ શ્રી વલ્લભાચાર્યજીએ તેમના तत्त्वार्थदीपनिबंधમાં આજ્ઞા કરી છે કેઃ

माहात्म्य ज्ञान पूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्ति रिति प्रोक्तस्तया मुक्ति र्न चान्यथा ॥

અહીં 'માહાત્મ્યજ્ઞાન' અને 'સર્વતોધિક' એ બે શબ્દો વિચારણીય છે. સ્ત્રી પુત્ર કુટુંબ તથા સર્વપદાર્થોથી અધિક સ્નેહ શ્રીહરિમાં જ્ઞાનપૂર્વક સુદૃઢ થાય તેનું નામ ભકિત.

આ કેવો વિલક્ષણ સમન્વય છે! ભકિતથી છલકાતાં અનેક શ્રુતિમધુર સ્તોત્રો રચનાર શ્રી શંકરાચાર્ય અને પુષ્ટિપ્રીતિના પ્રસ્તોતા શ્રી. વલ્લભાચાર્ય. બંને જગદ્‌ગુરુઓના ઉપદેશ પ્રવાહમાં જ્ઞાનભકિતની ગંગાયમુનાની ધારાઓ ઓતઃપ્રોત થયેલી જોવા મળે છે, કારણ કે ઉભયનાં મૂળ પ્રસ્થાનો શ્રુતિ, સ્મૃતિ અને બ્રહ્મસૂત્રોમાં જ્ઞાન અને ભકિત બંનેનાં બીજકો રહેલાં છે.

એકમાં સોઽહમ્ નો શંખધ્વનિ ગાજે છે તો બીજામાં દાસોઽહમ્ નો વેણુનાદ સંભળાય છે બ્રહ્મવસ્તુ પોતે આનંદ રસરૂપ હોવાથી ભક્તિગમ્ય છે અને સાથે સાથે ચિન્મય હોવાથી જ્ઞાનગમ્ય પણ છે. ઉભયના સુભગ સમન્વયનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગોપીજન છે. ગોપિકાઓનો અવિચલ પ્રેમ નિર્વિકાર હોઈ શુકદેવજીએ કહ્યું કે (यथार्भकः स्वप्रतिबिम्बविभ्रमः) એક બાળક પોતાના પડછાયાને અન્ય ગણીને તેની સાથે રમે છે તેમ સાત વર્ષના રમેશ વ્રજસુન્દરીઓ સાથે રાસ રચ્યા, કારણ એ વ્રજાંગનાઓ સાક્ષાત્ શ્રુતિઋચાઓ હતી.

અલંકાર અને માનસ શાસ્ત્રોની દૃષ્ટિએ નૈસર્ગિક રતિભાવથી રસનું આલંબન સંસારને બદલે જો સત્સંગ-સેવા આદિના સેવનથી શ્રી હરિ વિષે સ્થપાય તો સામાન્ય માનવચિત્ત તેની દ્રવીભૂત અવસ્થામાં ઉદાત્તીકરણ-ઊર્ધ્વીકરણને પામતાં એની લૌકિક રતિ ક્રમશઃ-કાળાન્તરે અલૌકિક ભક્તિમાં પરિણમે. કોશેટામાં પ્રવેશતો કીડો પતંગપણાને પામે તેમ સ્થાયી ભાવનું આલંબન બદલાતાં મનુષ્ય દિવ્ય રતિરૂપ ભક્તિનો ભોગી બને છે. મહર્ષિ અરવિંદ આને Total Transformations કહે છે. ચિત્તની ત્રણ અવસ્થાઓ પૈકી ભક્તિમાં પ્રવાહી-ધારાવહી અવસ્થા અપેક્ષિત છે. સામાન્ય જનમાં રતિનો સ્થાયીભાવ શૃંગારમાં પરિણમે છે તેમ ભક્તિમાં પ્રભુ પ્રત્યેનો રતિભાવ પરાભક્તિમાં રસની નિર્વૃતિનો હેતુ બને છે. વિરક્તમૂલક શુષ્ક પણ શુદ્ધ પ્રમાણવૃત્તિની અપેક્ષા રાખતા જ્ઞાનનું આલંબન અંતર્યામી આત્મા જ હોઈ તે વસ્તુના સ્વભાવ-સામર્થ્ય પર ભાર મૂકે છે. જ્યારે ભક્તિ દૈવી ગુણસમુદાય પર ભાર મૂકે છે. ભક્તિશાસ્ત્રમાં પ્રેમ-પરમાત્માના આનંદસ્વરૂપને મહત્ત્વ આપ્યું



છે, તેમ જ્ઞાનમાર્ગમાં પ્રભુના ચૈતન્યસ્વભાવરૂપ પ્રજ્ઞાવિશેષને પ્રાધાન્ય આપ્યું છે.

ભક્તિમાં ભાવનીય પદાર્થરૂપે ભજનીય ભગવાનને (પછી ભલે તે પ્રતિમાદિ પ્રતીકરૂપે હોય) સત્ય માની સેવતાં ભગવાનની સાકાર-સગુણ લીલાનો ભક્તને તેની ભાવનાનુસાર અનુભવ થાય છે. આ નિરાલંબ ભ્રમ કે કલ્પના નથી. તેના હૃદયમાં પોતાના પ્રિયતમ પાત્રની સર્વોત્કૃષ્ટતા વિષેનો નિઃસંદેહ નિશ્ચય હોય છે. જ્ઞાનમાર્ગી પણ નિરાકાર નિર્વિશેષ વસ્તુ તત્ત્વને જ પરમ સત્ય માને છે, કલ્પિત માનતો નથી. પરમાત્માને પોતાના આત્મારૂપે ઓળખનાર-સર્વાત્મભાવ અનુભવનાર જીવનમુક્ત મહાપુરુષનું શરીર ભક્તિનું સર્વોત્તમ આલંબન છે. તેવા લીલાતનુમાં ( કે એમનાં પ્રતીક-પ્રતિમામાં ભક્તિની પ્રતિષ્ઠા આત્મભાવે થયા પછી વિશ્વના સર્વ પ્રાણી-પદાર્થોમાં પરમાત્મભાવ ગ્રહણ થાય છે.

વિવેકાદિ સાધનભૂમિકામાં વિહરતો જ્ઞાનયાત્રી શ્રવણમનન નિદિધ્યાસન દ્વારા અસંસક્તિના અધિકારપદે આરૂઢ થઈ બ્રહ્માત્મૈક્ય અનુભવતાં બ્રહ્મવિદ્ બને છે; તો સેવા-નવધા દ્વારા સ્વરૂપજ્ઞાનના માહાત્મ્યપૂર્વક પ્રેમપંથનો પ્રવાસી ભગવત્સાક્ષાત્કારની ભૂમિકા પર પરાભક્તિનો અધિકારી બને છે. બંનેમાં નિર્માન-નિર્મોહનિરહંકારની નિસરણીનું આરોહણ આવશ્યક છે. એકમાં પ્રમાણવૃત્તિ, સહજ સૂઝ અને સ્વપ્રત્યયની સહાય છે તો બીજામાં કેવળ શુદ્ધ ભાવ અને પ્રપત્તિની ઓથ છે. જ્ઞાનમાં પરાત્પર પ્રભુના સત્-ચિત્ સ્વભાવનો તો ભક્તિમાં આનંદધર્મનો અનુભવ સુગમતાથી સિદ્ધ થાય છે.

જ્ઞાનીનો મોક્ષ એ કૈવલ્યનો નિર્વિકલ્પ આનંદ છે. પણ ભક્ત તો અંશ-અંશીના ભેદની વિદ્યામાનતાને લીધે-સવિકલ્પ

સવિશેષ આનંદ પણ માણી શકે છે. પ્રેમની પરાકાષ્ઠાએ ભક્ત ભગવાનથી જુદો નહીં હોવા છતાં જીવદશામાં ભિન્નવત્ અનુભવે છે. સંયોગમાં તો રસિક પ્રભુ એક જ રૂપે અનુભવાય છે, પણ વિયોગી અવસ્થામાં તો આ સમસ્ત ત્રિભુવન તેમનાં અનેક રૂપોમાં પરિવર્તિત થયેલું અનુભવાય છે.

જ્ઞાન, ભક્તિ બંનેમાં તીવ્ર ત્યાગ અપેક્ષિત છે, પણ એના પ્રકારમાં ભેદ છે. સંસારના મિથ્યાત્વને પ્રધાનતઃપ્રબોધતા જ્ઞાનમાર્ગમાં કદી કદી બાહ્ય ત્યાગ પર આત્યંતિક ઝોક અપાતાં વેદાન્તી 'બે-દાંતી' તરીકે વગોવાય પણ છે. ભક્તિમાર્ગમાં વિશ્વ પણ વિભુની જ વિભૂતિ હોઇ તેનો પ્રભુપ્રસાદ તરીકે વિવેકપૂર્ણ અંગીકાર કરવાનો હોવાથી સંસારમાં રહીને થતા આભ્યંતર ત્યાગને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે, જ્ઞાનમાં વિચાર-વિવેક પાયામાં હોઇ તેને અતિતાર્કિકતામાં સરી પડવાનો ભય છે, તેમ ભક્તિ ભાવમૂલક હોઇ તેને ઊર્મિ, આવેશ કે લાગણીવેડામાં સરી પડવાનો ભય છે.

બંનેને એક સરખી અગત્ય છે વૈરાગ્યની–નિઃસ્પૃહાની. 'વિરાગ' શબ્દનો અર્થ જ્ઞાનમાર્ગમાં 'વિગત છે રાગ જેમાંથી તે' એવો 'વીતરાગ' જેવો થઇ શકે. તો ભક્તિમાર્ગમાં વિશુદ્ધીકૃત : રાગ : 'જેનો તે' એવો થાય. જ્ઞાનમાર્ગી વધુમાં વધુ અપરિગ્રહી અને અનાસક્ત રહીને વૃત્તિનિરોધ કરે કે ભક્તિમાર્ગી અન્નકૂટ આરોગીને એટલે કે વિશ્વના પદાર્થો–સંબંધોનો વિવેકયુક્ત ઉપયોગ કરીને વૃત્તિનિગ્રહ કરે, પણ બંનેમાં ચિત્તનાં શુદ્ધિ–સંયમ આવશ્યક છે. નહીં તો તેઓનો વૈરાગ્ય ભૂષણને બદલે દૂષણ બની રહે. तेन त्यक्तेन भुंजीथाः નું શ્રુતિપદ બંનેનું લક્ષ્યબિન્દુ બની રહે છે. વૈરાગ્ય વિનાનું જ્ઞાન આત્મપ્રતારણ છે.



તેથી જ ભક્તિમાર્ગનું અન્તિમ પગથિયું નિવેદન મનાયું છે. આ નિવેદન એટલે અહં-મમરૂપ આસક્તિનો અશેષ ત્યાગ અને પ્રભુ પ્રત્યે આસક્તિ અથવા ઉત્કટ અનુરાગ. એવી વિરક્તિયુક્ત ભગવદાસક્તિ જ પરિપૂર્ણ પ્રપન્નતામાં પરિણમે.

બ્રહ્મસાક્ષાત્કાર માટે શાસ્ત્રોએ દર્શાવેલાં કર્મ, ભક્તિ અને જ્ઞાનનાં ત્રણેય-સાધનોનું સ્વરૂપ ત્રિદલ બિલ્વપત્ર જેવું છે. એ ત્રણેયમાં યોગ એટલે કૌશલની અગત્ય સ્વીકારાઇ છે. એકલો કર્મકાંડી સૂકા ઠૂંઠાને શોધે છે. એકલો જ્ઞાનકાંડી જડ સ્થાણુને વળગે છે. પણ ત્રિકાંડવાળા વેદવૃક્ષનો આશ્રય સેવનાર મુમુક્ષુ ભક્ત મૂળથી ટોચ પર્યંતના સમગ્ર વાસ્તવને પામી શકે છે. કર્મ-જ્ઞાન બે અંતિમોની સેતુરૂપ કડી ઉપાસના છે.

કેવળ કર્માનુષ્ઠાનમાં 'અવિદ્યા' પ્રેરક હોઈ તેમાં ૧૦ બહિર્મુખ ઇન્દ્રિયોદ્વારા પ્રધાન વ્યવહાર થાય છે; જ્યારે ઉપાસનામાં જ્ઞાન–ઇચ્છા–ક્રિયાધારક અંતઃકરણ ચતુષ્ટય અને પ્રાણનો સૂક્ષ્મ વિનિયોગ થાય છે. કેવળ કર્મ કે કેવળ જ્ઞાન ચિત્તને જાડ્ય-મદથી આવૃત્ત કરી એના અભિમાનીને નિતાન્ત નિવૃત્તિપરાયણ બનાવી દેવાનો વિશેષ ભય રહે છે. ઉપાસકમાં, એની ઉપાસ્યપ્રીતિ તથા ઇષ્ટાનુગ્રહનિષ્ઠાના અવલંબનને લીધે, આ સંભવ નહિવત્ રહે છે. વિશ્વના વિવિધ વ્યતિકરોને જ્ઞાની કેવળ જ્ઞાનદૃષ્ટિથી વિશ્વપ્રકૃતિના પ્રભાવરૂપે નિહાળે છે, જ્યારે ભક્ત તેને ભાવદૃષ્ટિથી પ્રકૃતિના પ્રેરક પુરુષોત્તમના લીલાવૈભવરૂપે પિછાને છે. આથી જ્ઞાની શમ દ્વારા સમાધાન પામે છે તેનાં કરતાં વિશેષ સુગમતા–સહજતાથી ભક્ત શમ દ્વારા આન્તરિક પ્રસન્નતાને ટકાવી રાખવા સમર્થ બને છે.

આમ ભક્તિ અને જ્ઞાન બંને સાધનોની સદંતર પૃથક્તા દર્શાવતી કોઇ લક્ષણરેખા-કે લક્ષ્મણરેખા-શક્ય જ નથી. ઉભયનો વિષય બ્રહ્મનો-સત્યનો સ્પર્શ છે. તાત્ત્વિક અન્વેષણાની દૃષ્ટિએ જ્ઞાની બ્રહ્મ તત્ત્વને એક સચ્ચિદાનંદ-રસ-વસ્તુ તરીકે સ્વીકારે છે. ભક્તો તેને સમરસ માનતા હોઇ ધર્મ અને ધર્મીનું-સમાન સત્યતાનું-અદ્વૈત હોવાનું જણાવે છે. બ્રહ્મતત્ત્વને કેવળ એકરૂપે માનવા કરતાં, જ્ઞાન ઇચ્છા ક્રિયારૂપ ત્રિવિધ શક્તિથી સંપન્ન માનવામાં જગતની ભેદની પ્રતીતિનો નિર્વાહ થઈ શકે છે. ભક્તિશાસ્ત્રના અભેદમાં ભેદોનો સમન્વય રહેલો છે, આમ આત્મલક્ષી-આત્મસ્પર્શી સહજ પ્રીતિરૂપા ભક્તિ કેવલલક્ષી તત્ત્વજ્ઞાનની સહચરી બની રહે છે.

આ સિદ્ધાંતની સમજૂતીમાં ભારતની દરેક ભાષાના સંત કવિઓની માર્મિક અનુભૂત વાણી આપણને દીવાદાંડીની ગરજ સારે છે. ૭ થી ૧૦ મા સૈકાઓના દ્રવિડ આલવાર ભક્તો, ૧૧ થી ૧૬ મા સૈકાના દક્ષિણમાં પ્રાકટ્ય પામેલા રામાનુજ-થી માંડી વલ્લભ-વિઠ્ઠલ સુધીના ભાગવતાચાર્યો તથા હરિ-સૂર-ચૈતન્યાદિ વિભૂતિઓ, મહારાષ્ટ્રના ખૂણેખૂણાને ભક્તિ-ભીનું કરનાર કાન્હો પાત્રાથી તુકારામ સુધીના વારકરી સંતો અને મધ્યમ સ્તરમાં જન્મેલા ચોખા-ગોરો જેવા ભક્તો ઉત્તર ભારતમાં રામાનંદ-કબીરની પરંપરા તથા ૧૫ મા સૈકામાં નાનક-તુલસી જેવા અસંખ્ય મહાત્માઓએ ભક્તિની જાણે નહેરો વહેવડાવી.

ગુજરાતનું તો જૈન અને જૈનેતર સમગ્ર મધ્યકાલીન સાહિત્ય ધર્મ, ભક્તિપોષક હતું. “બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે” જેવી જ્ઞાન ગર્ભ પંક્તિઓ લખનાર ગુજરાતનો



આદિકવિ નરસિંહ પ્રત્યક્ષ જોઈને ગાય છે કે,

**“સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે**
**સોનાના પારણા માંહીં ઝૂલે.”**

તો અખંડ સૌભાગ્યવતી ચિરવિયોગિની મીરાંની તો નરી નિર્ભેળ ભક્તિ જ હતી. પરમ તત્ત્વ પ્રતિ પ્રીતિના પ્રવાહને અઢળક રેલાવવાનો અનુરોધ કરનાર વેદાંતી કવિ અખો પણ કહે છે :

“ભાઇ, ભક્તિ જેવી પંખિણી,
જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે,
ચિદાકાશમાંહે તે જ ઊડે જેને સદ્ગુરુરૂપી આંખ છે.”
(અખે ગીતા. ૯-૧૦-૧૧)

આવી આંખ-પાંખ પામનારો જ્ઞાની પ્રેમલક્ષણાની સર્વોત્તમભાવનાથી.

**“નિત્ય રાસ નારાયણનો દેખે તે અનંત અપાર.”**

૧૮-૧૯મી સદીના પ્રીતમ, ધીરો, ભોજો, બ્રહ્માનંદ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ પણ જ્ઞાનાદિ સાધનોની ગરિમા ગાઈને પણ છેવટે ભક્તિની સર્વોપરિતા પ્રકટ કરી છે, એના પર મહાકવિ ન્હાનાલાલે તો “હરિનાં દર્શન” જેવાં કાવ્યોમાં મ્હોર મારી દીધી છે. વીસમી સદી-માં કવિશ્રી સુન્દરમ્, સંતોમાં શ્રી ઉપેન્દ્રાચાર્ય, શ્રી સુરેશ્વરાચાર્ય, શ્રી યોગેશ્વર, શ્રી મોટા અને શ્રી રંગ અવધૂતના સાહિત્યના અમૂલ્ય ફાળાને આપણે રખે વિસરીએ. તે સંતોનો સ્પષ્ટ સૂર એ છે કે, અનેક યા અલ્પ જન્મોને અંતે આપણે નિર્ગુણ નિરાકાર પરમ તત્ત્વનો સગુણ સાકારમાં સાક્ષાત્કાર કરવાનો છે; અને તે માટે અમોઘ સર્વોત્તમ સાધન આત્મજ્ઞાનપૂર્વકની નિર્મલા ભક્તિ જ છે.

૧૮૮૨માં સ્થપાયેલ આધ્યાત્મિક 'શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ'ના આદ્યાચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીના એક પ્રાસાદિક પદમાં જ્ઞાન-ભક્તિનો સમન્વય સુંદર રીતે વ્યક્ત થયો છે. 'મોળું' અને 'ખારી' એ પાકશાસ્ત્રીય વિશેષણોથી પદનો આરંભ સૂચક અને આકર્ષક બની રહે છે. એ પદની પ્રથમ ચાર પંક્તિઓના અવતરણથી હું આ લેખ પૂર્ણ કરીશ.

"ભક્તિ વિનાનું જ્ઞાન મોળું લાગે જી,
જ્ઞાન વિના ભક્તિ ખારી રે હાં;
ઉભય સંયોગ કરી જે જન ગ્રહેતા જી,
સ્વાદ તેનો છે અતિ ભારી રે હાં."

## સુધારો

અધ્યાત્મના જાન્યુ. ૮૪ના અંકમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો લેખ 'નારાયણ સરોવરની યાત્રાનો એક દિવસ' છપાયો છે. તેનાં પાનાં નં. ૫૪, ૫૫, ૫૬ અને ૫૭ ઉપર 'માતાના મઢ'ને બદલે ભૂલથી માતાનો મઠ એમ છપાયું છે. તો સુધારી વાંચવા વિનંતી.



## પરદેશના આજીવન સભ્ય

અધ્યાત્મના નવા નોંધાયેલ પરદેશના આજીવન સભ્ય નીચે પ્રમાણે છેઃ-

૬૯ શ્રી મગનલાલ એલ. ભકત સનવેલી, અમેરિકા ડૉલર ૨૦૦/-

## ભારતમાં નોંધાયેલ નવા આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. નવા નોંધાયેલ આજીવન સભ્યો આ પ્રમાણે છેઃ-

| | |
|---|---|
| ૩૫૭ શ્રી દેવકરણ પ્રભુભાઇ આદ્રોજા, મુ-પો. મહેન્દ્રનગર, (મોરબી) | રૂા. ૨૫૧ |
| ૩૫૮ શ્રી એન. સી. જાની, મુંબઇ. | રૂા. ૨૫૧ |
| ૩૫૯ શ્રી મહેન્દ્રકુમાર ડી. વોરા. | રૂા. ૨૫૧ |

*——*

## અભિનંદન

ભાવનગરના મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્રને ભાઇશ્રી ગિરધરભાઇ શામજીભાઇ તરફથી પ્રવચનો તેમજ ઈતર આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં ઉપયોગી થાય તે માટે રૂા. ૫૫૩૦નાં માઇક સ્પીકરો, એમ્પલીફાયર વગેરે સાધનોનો સંપૂર્ણ સેટ ભેટ આપવામાં આવ્યો છે. તેઓશ્રીની દીકરીના શુભ લગ્ન પ્રસંગે આ સાધનો ભેટ આપવાના સંકલ્પની તેઓશ્રીએ પૂ. શ્રી. યોગેશ્વરજીની ઉપસ્થિતિમાં જુલાઈ, ૮૩માં જાહેરાત કરેલી, જે તેઓએ પૂર્ણ કરી છે. તેમની ઉત્તમ ભાવના બદલ ખરેખર અભિનંદન.

## મોટાં અંબાજી ખાતે પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહની યોજના

પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીની પુણ્યસ્મૃતિમાં પવિત્ર તીર્થધામ અંબાજી ( જિ. બનાસકાંઠા )માં જે વિશ્રામગૃહ ઊભું કરવાની યોજના વિચારાઈ છે, તેની વિગત નીચે પ્રમાણે છેઃ–

આ વિશ્રામગૃહની યોજના પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ સંસ્થાપેલ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી હાથ ધરવામાં આવી છે. આ સંસ્થા રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે ને તેમાં આપેલ દાનોની રકમના ૫૦% નિયમ પ્રમાણે ઈન્કમ-ટેક્ષમાં કરમુક્ત છે.

એમાં જે સાધક ભાઈબહેનો આખા ઓરડાનું અથવા તો છૂટક દાન કરવા માંગતા હોય તેઓએ તેમની રકમ શ્રી બાબુભાઇ વોરાને નીચેના સરનામે મોકલાવવી. તેમજ તેમની સાથે પત્ર વ્યવહાર કરવો.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ,
શ્રી બાબુભાઈ વોરા,
૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ–૯

એક આખા ફરનીસ્ડ ઓરડાનો ( એટેચ બાથ-પ્રીવી સાથેનાનો ) ખર્ચ રૂા. ૨૫૦૦૦ અંદાજવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં છ ઓરડાનાં દાનો મળ્યાં છે. તેમજ પરદેશના કેટલાક ભાઇ બહેનોએ પણ તેમાં સહયોગ આપવાની ઇચ્છા દર્શાવી છે. હાલ પૂરતુ કુલ ૨૦ ઓરડાનાં દાનો સ્વીકારવાની યોજના છે.



## પ. પૂ. મા શ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટે પ્રાપ્ત થયેલ દાનોની વિગતો

ગુજરાતના વિખ્યાત યાત્રાધામ અંબાજી ( મોટાં ) ખાતે પ. પૂ. મા શ્રી જ્યોતિર્મયી વિશ્રામગૃહ બાંધવાની જાહેરાત જાન્યુ. ૮૪ ના અંકમાં કરવામાં આવી. તે પછી તુરત જ રાજકોટના પૂ. શ્રીના એકનિષ્ઠ ભક્ત શ્રી શાન્તિભાઇ કનેરિયા તરફથી એમનાં ધર્મપત્ની શ્રીમતી લાભકુંવરબેનના નામે રૂા. ૨૫,૦૦૦ નું પ્રથમ ઓરડાનું દાન પ્રાપ્ત થયું છે. શ્રી શાન્તિભાઇને તે બદલ ખરેખર અભિનંદન ઘટે છે.

આ પછી જે બીજાં દાનો પ્રાપ્ત થયાં છે, તેની વિગત નીચે પ્રમાણે છેઃ–

ઓરડા નંબર

૨ શ્રી સીતાબેન પ્રભુદાસ તન્ના, અમદવાદ તરફથી તેમના પુત્ર શ્રી હરેશના સ્મરણાર્થે રૂા. ૨૫૦૦૦/–

૩ શ્રી જશભાઇ બી. પટેલ, ઈન્કમટેક્ષ સેલ્સટેક્ષ પ્રેક્ટીશનર, વડોદરા તરફથી રૂા. ૭૫૦૦/–

૪ શ્રી મહારાષ્ટ્ર બોર્ડીંગ હાઉસ, વડોદરા, રૂા. ૧૦,૦૦૦/–

૫ શ્રી મોરબી ધ્યાનકેન્દ્રના સભ્યો તથા અન્ય ગૃહસ્થો તરફથી રૂા. ૧૦,૦૦૦/–

૬ શ્રી ઉત્તમલાલ નગીનદાસ દૂધવાળા, સુરત તરફથી રૂા. ૫૦૦૦/–

ઉપરના ઓરડા નં. ૩, ૪, ૫ અને ૬ ના દરેકના રૂા. ૨૫૦૦૦/– નાં નાણાં પેટે મળ્યાં છે. બીજાં નાણાં તેઓ તરફથી હવે પછી મળશે.

# રામકથા

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

[ શ્રી. યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

દશરથને જાણે કે સંજીવની પ્રાપ્ત થઈ.

મહર્ષિ વશિષ્ઠને આદરપૂર્વક આગળ કરીને રાજા દશરથ પોતાની વિશાળ સેના તથા મંડળી સાથે મિથિલાપુરી તરફ પ્રયાણ કરવા માટે તૈયાર થયા ત્યારે એવું લાગવા માડ્યું કે જાણે પ્રેમ અને આનંદ તથા શક્તિ અને સંપત્તિનો અદ્‌ભુત અનંત અર્ણવ ઉછળી પડ્યો.

પ્રજાજનોએ એમને ભાવભીની વિદાય આપી.

એ વખતના અપાર ઐશ્વર્ય અને અસીમ સુખ આગળ અમરાપુરીનું ઐશ્વર્ય ને સુખ સાધારણ લાગવા માંડ્યું. દિવસોના એકધારા પ્રવાસ પછી રાજા દશરથની મંડળીએ મિથિલાપુરીમાં પ્રવેશ કર્યો ત્યારે જનકે તેનું અપૂર્વ સ્વાગત કર્યું.

રામ તથા લક્ષ્મણે પિતાનાં ચરણોમાં પ્રણામ કર્યા. દશરથે તેમને ભેટીને તેમનાં શરીર પર હાથ ફેરવ્યો ત્યારે એમને અવર્ણનીય શાંતિનો અનુભવ થયો. એ વખતનો આનંદ ધનુષ્ય ભંગના આનંદ કરતાં પણ અનોખો અને અધિક હતો. અને કેમ ના હોય ?

જગતમાં અનેક જાતના આનંદ જાણીતા છે. પરંતુ એ સૌમાં માતા ને પિતાના પુનર્મિલનનો અથવા એમના સહવાસનો આનંદ સૌથી વિલક્ષણ છે. આત્માને એ જુદા જ પ્રકારની તાજગી પ્રદાન કરે છે. એક જાતની જુદી જ અકથનિયતા ધરે છે.

રામ લક્ષ્મણે મહર્ષિ વશિષ્ઠને પણ પ્રણામ કર્યા.

એ જમાનાના તે લોકોત્તર સર્વશ્રેષ્ઠ ઋષિવર, વશિષ્ઠ તેમજ વિશ્વામિત્ર પણ પરસ્પર પ્રેમથી મળ્યા ને વાતે વળગ્યા.



જાણે કે વ્યોમમાં વિહારે નીકળેલા સૂર્ય ને ચંદ્ર લાંબે વખતે પ્રસંગોપાત એકઠા થયા. એમના નેહનિતરતા નમ્ર મધુમય મિલનને જોવા માટે અસ્તાચળ તરફ વેગથી જતો સૂર્ય પણ થોડીવાર ઉભો રહ્યો. એને પણ એવું અનેરુ દૃશ્ય અવારનવાર ક્યાં જોવા મળવાનું હતું ? રામ અને લક્ષ્મણને લાંબે વખતે મળીને ભરત અને શત્રુઘ્ન પણ રાજી થયા.

જનકે સૌના ઉતારાની પહેલેથી જ ઘણી સરસ વ્યવસ્થા કરી રાખેલી. એટલે શિષ્ટાચારની થોડીક ઉપલક વિધિને પતાવ્યા પછી સૌ પોતપોતાનાં સ્થાને ગોઠવાઈ ગયા.

સવારે નિત્યક્રમમાંથી નિવૃત્ત થઈને રાજા જનકે મહર્ષિ વિશ્વામિત્ર તથા શતાનંદ સાથે મહર્ષિ વશિષ્ઠ ને રાજા દશરથની પાસે આવીને થોડીક આડી અવળી વાતચીત કર્યા પછી કહેવા માંડ્યું 'સીતાનું નામકરણ કરવામાં આવ્યું એની પાછળ પણ ઊંડું રહસ્ય રહેલું છે તેની ખબર કદાચ તમને સૌને નહિ હોય.'

'શું રહસ્ય રહેલું છે ?' રાજા દશરથે પુછ્યું.'

'તમારી સૌની જિજ્ઞાસા હોય તો કહી બતાવું.'

'જરૂર કહી બતાવો. અમને સાંભળવામાં ઘણો જ રસ પડશે.'

એકવાર યજ્ઞ કરવાની શુભેચ્છાથી પ્રેરાઈને ભૂમિને અનુકૂળ બનાવવાની ભાવનાથી હું ખેતરમાં હળ ફેરવી રહ્યો હતો. એ કામ ઘણું પવિત્ર, કલ્યાણકારક અને ઉત્તમ હોવાથી મેં મારી મેળે જ કરવા માડેલું. તે વખતે એક અદ્‌ભુત ચમત્કાર બન્યો. એને ચમત્કાર જ કહેવો જોઈએ કારણ કે એ બનાવ સાધારણ બુદ્ધિથી ના સમજાય તેવો, કલ્પનાનીત અને અસાધારણ હતો.

ચમત્કારનો નિર્દેશ સાંભળીને સૌ સાંભળવા માટે અત્યંત ઉત્સુક બની ગયા. એટલે થોડીવાર વિચાર મગ્ન બનીને જનકે આગળ કહ્યું:—એને ચમત્કાર કહો કે ધરતી માતાનો અનુગ્રહ કહો બધું એક છે. મને તો એમાં કશો ભેદ નથી દેખાતો. ધરતીએ મારી ભાવના

અને સેવાને લક્ષમાં લઈને મારા પર કૃપા કરી. ભૂમિમાં ફરતા મારા હળના અગ્રભાગમાંથી એક સુંદર કન્યા પ્રકટ થઇ. ભૂમિમાંથી પ્રકટ થયેલી એ કન્યા જાણે કે પૃથ્વી માતાની જ નવી સાકાર આકૃતિ રૂપ હતી. એ અલૌકિક સ્વરૂપવતી સુકુમારી કન્યાને જોઇને મને આશ્ચર્ય અને આનંદ બંને થયા. મને થયું કે આ કોઇ દેવાંગના છે કે શું ? અથવા પરમાત્માની પરમશકિત પોતે જ મને કૃતાર્થ કરવા આ માનવાકૃતિમાં પ્રકટ થઈ છે ? ગમે તેમ પણ એને પ્રાપ્ત કરીને મને મારા સદ્ભાગ્યનો ઉદય થયેલો લાગ્યો. મને સર્વ પ્રકારે લાભ થયો. એ કન્યાનું નામ એ પવિત્ર પ્રસંગની સ્મૃતિમાં, હળના અગ્રભાગના નામ પરથી મેં સીતા પાડ્યું. એજ એના નામકરણનું રહસ્ય છે. એ હકીકત પરથી તમને સૌને ખાતરી થશે કે સીતા અયોનિજા છે.'

જનકની વાતને સૌ ભારે વિસ્મયપૂર્વક સાંભળી રહ્યા.

મહર્ષિ વિશ્વામિત્રે કહ્યું: સીતા એટલે જ આટલી બધી વિલક્ષણ છે. એને જોતાંવેંત જ એવું લાગે છે કે એ આ મૃત્યુલોકની નિવાસિની નથી. પરંતુ આ પૃથ્વીના પુનિત પ્રવાસે પધારેલી કોઈક દેવી છે. એનું બધું જ અસાધારણ, અનેરું અને અપાર્થિવ છે.'

(ક્રમશઃ)

---

( અનુસંધાન પાના ૫નું ચાલુ )

લેખક હો તો લેખનશક્તિદ્વારા બીજાને ઉપયોગી થાવ. વેપારી હો તો કેવળ નફાનો જ વિચાર કરીને બેસી ના રહો, લોકહિતને પણ નજર સામે રાખો. સત્તાધીશ હો તો સત્તાનો સદુપયોગ કરી બીજાને સહાયક બની રહો. એવી રીતે વિશાળ બનો તો જરૂર સુખી થશો ને સુખી કરશો. સુખ આપોઆપ અને અચૂકપણે આવી મળશે.

ઉપનિષદના ઋષિઓએ આપણે માટે સુખનો એ અદ્ભુત મહામંત્ર પૂરો પડયો છે. એનો લાભ લઈએ તો જીવન અને જગત બધું જ ફરી જાય, અથવા કહો કે ઉજ્જવળ થાય.

## પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો કાર્યક્રમ

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો ફેબ્રુ. અને માર્ચ, '૮૪ નો કાર્યક્રમ નકકી થયો છે. તેઓ તા. ૫-૨-૮૪ પછી રાજસ્થાનથી અમદાવાદ પધારશે.

ગુજરાત યુનિવર્સીટી સેનેટ હોલ અમદાવાદ, ખાતે સાંજે ૬-૩૦ થી ૭-૩૦ સુધી પાંતજલ યોગદર્શન ઉપરનાં તેઓશ્રીનાં પ્રવચનો તા. ૨૫-૨-૮૪ થી તા. ૨૯-૨-૮૪ સુધી નકકી થયાં છે.

આ પછી તા. ૮-૩-૮૪ થી તા. ૧૬-૩-૮૪ સુધી મુંબઈ માધવબાગમાં સાંજે રામચરિત માનસ ઉપરનાં પ્રવચનો મુંબઇના શ્રી યોગેશ્વર પરિવારના ભાઇઓ તથા શ્રી માધવબાગ ( લક્ષ્મીનારાયણ ) ટ્રસ્ટના સહકારથી ,યોજવામાં આવ્યાં છે. તેનો લાભ મુંબઇમાં વસતા સાધક ભાઇબહેનો લે તેવી વિનંતી છે.

આ ઉપરાંત, મુંબઇનાં પરાંમાં વસતા ભાવિક ભાઈ બહેનોના લાભાર્થે, તા. ૧૮-૩-૮૪ થી તા. ૨૫-૩-૮૪ સુધી કાંદીવલી( વેસ્ટ )માં આવેલ શ્રી લક્ષ્મી નારાયણ મંદિરના ગીતા હોલમાં શ્રીમદ્ ભાગવત ઉપરનાં પ્રવચનો રાત્રે ૯-૦૦ થી ૧૦-૦૦ રાખવામાં આવ્યાં છે. આ મંદિરના ટ્રસ્ટીઓના સુંદર સહકારથી શ્રી યોગેશ્વરજીનાં કાંદીવલીમાં પ્રથમવાર જ પ્રવચનો યોજવાનું શકય બન્યું છે.

આ બધાં પ્રવચનો દરમ્યાન પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનાં સ્વરચિત સુંદર ભાવપૂર્ણ ભજનો પણ રજુ થશે.

# પ્રેમ અને શ્રદ્ધાની શક્તિ

પ્રેમ અને શ્રદ્ધાની શકિત અસાધારણ અને અજબ છે. પરંતુ માણસની અંદર એ શક્તિ હોવી જોઈએ. એથી પ્રેરાઈને તેણે પરમાત્માને પોકાર પાડવો ને પ્રાર્થવું જોઈએ, તો તેની વાત પરમાત્મા જરૂર સાંભળે. ભૂતકાળમાં ભકતોની વાત ભગવાને એવી રીતે વારંવાર સાંભળી છે, ને તેમની ભાવના પૂરી કરી છે. નરસિંહ મહેતા અને મીરાં જેવા ભકતોનાં જીવન એવાં ઉદાહરણોથી ભરપૂર છે. જેનામાં શ્રદ્ધા અને ભકિતનો સદંતર અભાવ હશે તેને એવા ઉદાહરણો ઉપજાવી કાઢેલાં લાગશે. પણ એવા પ્રસંગો પણ બની શકે છે ને તે મિથ્યા નથી. કોઈ કોઇ વાતોમાં કોઇ ઠેકાણે અતિશયોકિત થઈ હોય એવું બની શકે, પરંતુ તેવી વાતો તદ્દન આધાર વિનાની ને અસંભવ છે એમ માની લેવાનું કોઇ કારણ નથી. માણસની પ્રેમ, ભકિત, શ્રદ્ધા ને સાધનાની પાંખ કપાઈ ગઈ છે એટલે તે એવું માની લે છે. પણ તેવું માનવું-મનાવવું બરાબર નથી.

ભગવાન ભાવ ને ભકિતને વશ થઈને ખરેખર પ્રકટ થાય છે ને ભકતની સમર્પિત કરેલી વસ્તુ સ્વીકારે છે એ વાત સાચી છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨